પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૭/૦૪/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


**સુવિચાર**

માતાનો સ્નેહ, પત્નીનો પ્રેમ, જ્ઞાની મિત્રો સાથે વાર્તાલાપ અને પિતાનું વાત્સલ્ય આ બધી વસ્તુ ઝરણા સમાન છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧



તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૮૦ ચૈત્ર વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૧૫



ફ્રી....ફ્રી.... (વિનામૂલ્ય) ઓપરેશન...
નીચે પ્રમાણેના રોગો માટે ફ્રી (વિનામૂલ્ય) ઓપરેશન સુવિધા....
અકસ્માત ઈજા - ફ્રેકચર - ટ્રોમા સિઝેરિયન - પ્રસુતિ ઓપરેશન
સારણગાંઠ - એપેન્ડીક્ષ - વધરાવળ હરસ - મસા - ફીશર
પથરી - પ્રોસ્ટેટ કીડનીના રોગો કીડનીના દર્દી માટે મફત ડાયાલીસીસ
લેપ્રોસ્કોપીક સર્જરી (દૂરબીનથી ઓપરેશન)


નવજીવન
જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૯૩૦૦૦


## ગુજરાતમાં ૩૦ વર્ષ અને દેશમાં ૧૦ વર્ષનાં શાાનસકાળમાં

# રાજુલા પંથકનો વિકાસ કરવામાં ભાજપ સરકાર નિષ્ફળ : જેની ઠુંમર

**ઉદ્યોગોનું સ્થાપન કરવામાં ન આવતાં દરિયાકાંઠા વિસ્તારનાં યુવાનોને રોજગારી મેળવવા મહાનગરો તરફ સ્થળાંતર કરવું પડી રહ્યું છે**

**ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી અને માર્ગોની પુરતા પ્રમાણમાં સુવિધા નથી**

**દરિયાકાંઠાનાં વિસ્તારમાં ખેડૂતો અને માચ્છીમારોનાં હિતમાં પણ સરકારે કોઈ કામ કર્યુ નથી**

**ઈન્ડિયા ગઠબંધનની સરકાર બને એટલે મહિલાઓ, યુવાનો, ખેડૂતો, શ્રમિકો, વેપારીઓનાં પ્રશ્નો દૂર કરાશે**



અમરેલી, તા.૨૬

અમરેલી–મહુવા–ગારીયાધાર કોંગ્રેસના ઉમેદવાર આજે રાજુલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારના લોકોનો સાક્ષાત્કાર કરવા માટે આવ્યા હતા. ત્યારે તેમણે લોકોને જણાવ્યુ હતુ કે, રાજુલા પંથકમાં પ્રાથમિક સુવિધાનો અભાવ છે. અહીંયા સારી શૈક્ષણિક સંસ્થાઓ નથી, હોસ્પિટલની સુવિધાઓ નથી, આ વિસ્તામાં મહાકાય કંપનીઓ છે પરંતુ સ્થાનિક લોકોને પુરતી રોજગારી મળતી નથી, આ વિસ્તારના યુવાનોને ઉચ્ચ શિક્ષણ માટે મહાનગરોમાં જવુ પડે છે જેના કારણે વાલીઓને લાખો રૂપિયાના શિક્ષણ અને હોસ્ટેલની ફીનો ખર્ચો થાય છે. ત્યારે આ વિસ્તારમાં લોકોને પાયાની સુવિધાઓ મળતી નથી, ખેડૂતોને કપાસ, મગફળી અને અન્ય ખેત પેદાશોના પુરતા ભાવ મળતા નથી ત્યારે ખેડૂતોની હાલત કફોડી થઈ છે. આ વિસ્તારના લોકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ કે, મારી પહેલી પ્રાથમિકતા આ વિસ્તારમાં સારી શૈક્ષણિક સંસ્થાઓ આવે, એન્જીન્યરીંગ કોલેજો આવે અને સ્થાનિક લોકોને આ મહાકાય કંપનીઓમાં વધુમાં વધુ રોજગારી મળે જયારે આ વિસ્તારના લોકોને સારી આરોગ્યની સુવિધા મળે તે માટે સરકાર આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરનું નિર્માણ કરે તેવી અમારી પ્રાથમિકતા અને માંગણી રહેશે.

ખેડૂતોને પુરતા કપાસના ભાવ મળ્યા નથી ડુંગળી પકવતા ખેડૂતોને પુરતા ભાવ મળ્યા નથી, હાલમાં વરીયાળીના ભાવ તળીયે ગયા છે ત્યારે ખેતી મોંઘી થઈ છે અને ખેતીની આવક ઘટી છે. ત્યારે ખેડૂતોએ જાગૃત થવાની જરૂર છે. રાહુલ ગાંધીએ વચન આપ્યુ છે. કોંગ્રેસ–ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો ખેડૂતોનું દેવુ માફ કરવામાં આવશે.

આ તકે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના પૂર્વ ચેરમેન ટીકુભાઈ વરૂએ જણાવ્યુ કે, આ વિસ્તારમાં બે–રોજગારીનો મોટો પ્રશ્ન છે અહીંયા રેલ્વેની પુરતી સુવિધાઓ નથી લોકોને ફકત ખાનગી વાહનો અને એસ.ટી.પર નિર્ભર રહેવુ પડે છે. ત્યારે

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જે.એન. મહેતા કોલેજમાં ઘટના બની

# અમરેલીનાં યુવકનું મારબલ પથ્થર વચ્ચે દબાઈ જવાથી કમકમાટીભર્યુ મોત

**બોલેરા પીકઅપ વાનમાંથી મારબલ ઉતારવા જતાં મોતને ભેટયા**

અમરેલી, તા.૨૬

મુળ મધ્યપ્રદેશના વતની અને હાલ અમરેલી સંકુલ પાછળ ક્રિષ્ના પાર્ક ઝુંપડામાં રહેતા મુકેશભાઈ કેશરસિંહ અજનાર નામનાં ૩૦ વર્ષિય યુવક તા. ૨૪ના સાંજના આશરે સાડા ચારેક વાગ્યે અમરેલી–લાઠી રોડ જે.એન. મહેતા કોલેજમાં કામ ચાલુ હોય ત્યાં બોલેરો પીકઅપમાંથી માર્બલની વજનદાર પાટો ઉતારવાનું કામ કરતા હતા. ત્યારે યુવક બોલેરોમાં એકલા માર્બલની ચારેય પાટોને હાથથી ટેકો દઈને ઉભા હતા ત્યારે અચાનક માર્બલની ચારેય પાટો પડતા તે યુવક માર્બલની પાટો અને વાડની વચ્ચે આવી જતા આ માર્બલની પાટો ગળાના ભાગે તથા છાતીના તથા બંને હાથના ખંભાના ભાગો ઉપર આવી જઈ તે દબાઈ જતાં યુવકને ગુંગણામણ થવાના કારણે કોઈ સારવાર મળે તે પહેલા જ મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## રાણ માટે વૃક્ષ ઉપર ચડવા જતાં

# લીલીયાનાં હરિપર ગામે વૃધ્ધનું વૃક્ષ ઉપરથી પડી જવાથી મોત થયું

**અમરેલી ખાતે સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા.૨૬

લીલીયા તાલુકાના હરીપર ગામે રહેતા વિનુભાઈ બાબુભાઈ મકાણી નામનાં ખેડુત કૌટુંબીક ભાઈ જેન્તિભાઈ નાનજીભાઈ મકાણી નામનાં ૬૦ વર્ષિય

**અનુસંધાન પાના ૬ ઉપર**


HEALTH CHECKUP PACKAGES
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL

| SILVER | GOLD | PLATINUM | |
|---|---|---|---|
| Consultation (MD) | Consultation (MD) | Consultation (MD) | CBC |
| BP | BP | Consultation (ORTHO) | CREATININE |
| RBS | CBC | Consultation (OPTHAL) | SGPT |
| CBC | ECG | ECG | LIPID PROFILE |
| | LIPID PROFILE | ECHO | TSH |
| | SUGAR - RBS | X-RAY | SUGAR - RBS |
| ₹200 | ₹675 | ₹1175 | |

99789 66629



હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S
પગાર ધોરણ : ૧૫૦૦૦/- થી ૨૧૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૧૪૦૦૦/- થી ૧૬૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 1(Ladies & Gents)
નર્સીંગ સ્ટાફ
GNM / ANM / Bsc Nursing
પગાર ધોરણ : ૧૧૦૦૦/- થી ૧૩૦૦૦/- (અનુભવી માટે)
પગાર ધોરણ : ૯૦૦૦/- થી ૧૧૦૦૦/- (Freshers)
Day shift 2 (Ladies) Night shift 2 (Ladies)
અમરેલીમાં રહેતા વ્યકિતઓને પ્રાથમિકતા આપવામાં આવશે.
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહિં
નારી
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.



આસ્થા હોસ્પિટલ હવે થી
BIMS-AASTHA HOSPITAL
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ
નામ થી રેગ્યુલર શરૂ છે
ડો. અશોક એન. પરમાર

હોસ્પિટલમાં નિયમીત ઓપીડી
સમય તેમજ ઇમરજન્સીમાં
૨૪x૭ કલાક મળશે.
નોંધ : ડો.અશોક એન. પરમારના કન્સલ્ટીંગ ફી માં કંઈપણ વધારો કરેલ નથી
બીમ્સ આસ્થા મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પિટલ અમરેલી
આ દરેક નંબર પર કોલ કરી કેશ લખાવી શકો છો
(૦૨૭૯૨) ૨૨૫૮૪૦/૨૨૧૮૨૮/ ૩૫૪૪૪૪ મો.૯૯૩૮૫ ૩૮૫૦૫
મો.૯૪૨૪૪ ૮૨૦૦૦ / ૯૪૨૪૪ ૮૩૦૦૦

# વડિયા પંથકમાં ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનું નાની બાળાઓએ સામૈયા દ્વારા સ્વાગત કર્યુ



અમરેલી લોકસભા બેઠક પર ભાજપના ઉમેદવાર ભરત સુતરીયા સભાઓ ગજવી રહ્યા છે ત્યારે તા. ૨૫ એપ્રિલ ૨૦૨૪ ના રોજ અમરેલી તાલુકાના ગામડાઓમાં નાની બાળાઓ દ્વારા પણ સામૈયા કરીને ઢોલ નગારા સાથે અદકેરું સ્વાગત થઈ રહ્યુ છે પરંતુ કુકાવાવ તાલુકાના ૧૦ તાલુકા પંચાયત સીટમાં પ્રવાસ યોજાયો જેમાં દેવગામ, બાંભણિયા, ભાયાવદર, સૂર્ય પ્રતાપગઢ, તરઘરી, ખડખડ, બરવાળા બાવળ, હનુમાન ખીજડીયા, ઢૂંઢીયા પીપળીયા, તોરી સહિતના ગામડાઓમાં સભાઓ સફળ બની હતી આ દરેક ગામડાઓમાં સુતરીયાને ભવ્ય સમર્થન મળી રહ્યું હતું અને નાની બાળાઓ દ્વારા પણ સામૈયા કરીને અદકેરું સ્વાગત કરવામાં આવ્યુ હતું દરેક સભામાં બોડી સંખ્યામાં ગામના લોકો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા, પૂર્વ મંત્રી બાવકું ભાઈ ઉંધાડ, મંત્રી બેચરભાઈ ભાદાણી, ભાજપ અગ્રણી દલસુખભાઈ દુધાત, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી રમેશભાઈ સાકરીયા, શૈલેષભાઈ ઠુંમર, જલ્પેશભાઈ મોવલિયા, જિલ્લા પંચાયત વિપુલભાઈ રાક, તાલુકા પંચાયતના પ્રમુખ ભાઈ પરષોતમ ગણાત્રા, યુવા મોરચાના પ્રમુખ અનીરુધભાઈ બોરીચા, જીગરભાઈ સેજપાલ પ્રતિકભાઈ હરખાણી રાંદલ દડવા સરપંચ મનસુખભાઈ બરબાવળીયા, અરવિંદભાઈ ડોબરીયા, દીલાભાઈ લાવડીયા, રાજુભાઈ દામોદર, રમાબેન હિરપરા, રવિભાઈ ધાણાની. ભદ્રેશભાઈ ગજેરા, વિપુલભાઈ ખીમાણી તેમજ સરપંચ અને તમામ મોરચાના હોદેદારો અને કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા હતા.

### પાલિકાના શાસકો દ્વારા પ્રશંસનીય કાર્ય

## સાવરકુંડલા વોર્ડ નંબર–૭માં ઉનાળા દરમિયાન પાણીની સુવિધા સુધારવા માટે આગોતરૂ આયોજન

### જુદા–જુદા વિસ્તારમાં પાણીની નવી મોટર લગાવાઈ

સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેરના વોર્ડ નંબર–૭ માં ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યાઓ ટાળવા માટે પાલિકા તેમજ નગરસેવકો દ્વારા આગોતરા પગલાં લેવામાં આવી રહ્યા છે.

વોર્ડમાં ઉનાળા દરમિયાન બોરિંગના પાણીના સ્તરમાં ઘટાડો થવાને કારણે પાણીનું પ્રેસર ઓછું થઈ શકે છે જેના કારણે વિસ્તારના રહેવાસીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે, પાલિકા દ્વારા મણિનગર અને ખાટકી વાડ વિસ્તારમાં આવેલા બોરિંગમાં નવી મોટરો સ્થાપિત કરવામાં આવી રહી છે.



આ નવી મોટરો વધુ પાણી કાઢવામાં સક્ષમ હશે, જેનાથી ઉનાળા દરમ્યાન પણ પૂરતા પ્રમાણમાં પાણીનું સંચાલન થઈ શકશે અને વિસ્તારના રહેવાસીઓને પાણીની કોઈ તકલીફ નહીં થાય. આ ઉપરાંત, પાલિકા દ્વારા પાણીનો બગાડ ઘટાડવા માટે લોકોને જાગૃત પણ કરવામાં આવી રહ્યા છે. લોકોને નળ ખુલ્લા રાખીને પાણીનો બગાડ ન કરવા અને પાણીનો કાળજીપૂર્વક ઉપયોગ કરવા માટે અપીલ કરવામાં આવી રહી છે.

લોક પ્રતિનિધિ સોહીલ શેખ જણાવ્યું છે કે, 'આપણે સૌએ મળીને ઉનાળા દરમ્યાન પાણીની સમસ્યાનો ઉકેલ લાવવા માટે પ્રયત્ન કરવા જોઈશે.

## ખંભાળા આરોગ્ય કેન્દ્ર તાબાના ગામોમાં વિશ્વ મેલેરીયા દિનની ઉજવણી




અમરેલી, તા. ૨૬

દરેક ગામોમાં મેલેરિયા ડેંગ્યું તથા ચિકનગુનિયા રોગની અટકાવતી કામગીરી આરોગ્ય કર્મચારી દ્વારા ઘરે ઘરે ફરી ને વાહકજન્ય રોગ અટકાયતી કામગીરી ૨૦ એપ્રિલ થી ૩૦ એપ્રિલ સુધી કરવામાં આવશે જેમાં આરોગ્ય ટિમ મારફત દરેક ઘરનોની મેલાકાત લઈ ખુલ્લા અને પાણી ભરેલા દરેક પાત્ર મા એબેટ નાખવાની કામગીરી તેમવ ખુલ્લા પાણીના પાત્રો ને ઢાકવાની માટે માર્ગદર્શન તેમજ કાયી ખુલ્લા પાણી ભરેલા પાત્રમા ગપપી ફિશ મુકવાની કામગીરી કરવામાં આવશે તેમજ ગંદા પાણીના ખાડાઓમા ભરાયુલું પાણી વહેતું કયું તેમજ તેમા બરેલું ઓઈલ નાખવાની કામલીરી કરવામાં આવે તેમજ આ કામગીરી દરમીયાન તાજ ના દર્દીની તપાસ કરી તેમજ તેમની સારવાર કરવામાં આવશે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો જોષી સાહેબ જીલ્લા મેલેરિયા અધિકારી ડો સિંધ સાહેબ તાલુકા હેલ્થ ઓફિસર ડો મકવાણા સાહેબ તાલુકા હેલ્થ સુપરવાઈઝર રાજેશભાઈ સલખણા તેમજ પ્રા કેન્દ્ર ના મેડિકલ ઓફિસર ડો મહેશ ગોહિલ તેમજ સર્વ કર્મચારીઓ પ્રયત્ન થી ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા નાબુદી અભિયાનને સફળ બનાવવામાં આવશે.

### કોઈ અગમ્ય કારણોસર અંતિમવાટ પકડી

## ઉનાનાં શિવાજીપાર્ક સોસાયટીમાં ૨૬ વર્ષિય મહિલાએ ગળાફાંસો ખાઈ લીધો

### અઢી વર્ષના બાળકે માતાની છત્રછાયા ગુમાવી

ઉના, તા. ૨૬

ઉનાના વેરાવળ રોડ પર આવેલ શિવાજી પાર્કસોસાયટીમાં રહેતા અને ઉના પીજીવીસીએલમાં કોન્ટ્રાકટ તરીકેનું કામ કરતા સુરેશભારતી ગૌસ્વામીના પરિવારમાં સાસુ સસરા પતી પત્ની અને એક અઢી વર્ષનું બાળક સંયુક્ત કુટુંબમાં રહેતા હોય ત્યારે સાંજના સમયે પુત્ર વધુ હેતલ બેન વિકાસભારતી (વિકી) ગૌસ્વામી ઉ.૨૬ તથા સાસુ અને બાળક ઘરે એકલા હોય ત્યારે હેતલબેન ગૌસ્વામી એ ઉપરના માળે જઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ ગયેલ હોય ત્યારે પતી વિકાસભારતી બહારથી



આવી ઘરમાં પ્રવેશ કરતાં હેતલ બેન પંખા સાથે સફેદ રંગનું દોરડું બાંધી લટકેલી હાલતમાં જોવા મળતા પતિ વિકાસભારતી ગૌસ્વામીએ હેતલબેનને ફાંસીના દોરડા માંથી કાઢી ઉનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જતા ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા ઉના સિવિલ હોસ્પિટલ ખાતે પીએમ અર્થે ખસેડાયા હતા જે અંગેની જાણ ઉના પોલીસને થતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી તપાસ હાથ ધરેલ હતી હાલ આત્મ હત્યા કરવાનું કોઈ કારણ બહાર આવ્યું નથી.જેથી આ અંગે તટસ્થ તપાસ થાય તો આત્મ હત્યા કરવાનું કારણ બહાર આવી શકે છે અને હેતલબેને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવતા અઢી વર્ષના બાળકને માતાની છત્રછાયા ગુમાવવાનો વારો આવ્યો હતો.

## અમરેલી : શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.મા. શાળાના વિદ્યાર્થીઓએ JEE મેન્સમાં ઝળહળતી સફળતા મેળવી







અમરેલી, તા. ૨૬

અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા ઉ.મા શાળાના વિદ્યાર્થીઓએ JEE મેન્સ–૨૦૨૪ માં શ્રેષ્ઠ પરિણામ મેળવી સફળતા પ્રાપ્ત કરેલ છે. જેમાં કચ્છી પ્રિન્સ અનીલભાઈ JEE મેન્સ–૨૦૨૪ની પરીક્ષામાં ૯૫.૮૫%પી.આર ગુણાંક સાથે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી શાળા તથા પરિવાર અને અમરેલીનું નામ રોશન કર્યુ છે. ઉપરાંત શાળાના વિદ્યાર્થીઓ ઓજા સિધ્ધાર્થ, ચૌહાણ હર્ષિલ સેશન–૨ માં કવોલીફાઈડ કરેલ છે. તેમની સખત મહેનત અને સંસ્થાના પ્રમુખ, ડાયરેકટર, આચાર્ય તથા સ્ટાફ–ગણ ના સચોટ માર્ગદર્શનથી આ અપ્રતિમ સફળતા મેળવી છે. તે બદલ વિદ્યાર્થી પર અભિનંદનની વર્ષા થઈ રહી છે. શાળાના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાઓમા ઉચ્ચતમ ગુણાંક મેળવી સફળતાના શિખરો સર કરે છે. તે સૌ માટે ગૌરવની વાત છે. તેમના આ ઉચ્ચ પરીણામ માટે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ, ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્ય તથા સ્ટાફગણ દ્વારા અભિનંદન પાઠવ્યા છે. તેઓ શિક્ષણ ક્ષેત્રે ખુબ–ખુબ સફળતા મેળવે તેવી શુભેચ્છા વ્યકત કરી હતી.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


## સાવરકુંડલામાં અભ્યાસ છોડી દેનાર અને શાળાએ ન જતાં બાળકોનો સર્વે કરાયો



સાવરકુંડલા, તા. ૨૬

સાવરકુંડલા શહેર ના છેવાડાના વિસ્તારોમાં અને જાહેર જગ્યાઓ પર સમગ્ર શિક્ષા અંતર્ગત ક્યારેય પણ શાળાએ ન ગયેલ હોય તેવા તેમજ અધવચ્ચેથી શાળા છોડી ગયેલ હોય તેવા ૬ થી ૧૯ વર્ષ સુધી ના બાળકો અને બાળકી ઓને ફરીથી શાળામાં પ્રવેશ મેળવે તે માટે આવા શાળા બહારના બાળકોનો સર્વે સાવરકુંડલાના વિવિધ વિસ્તારો માંથી હાથ ધરવામાં આવ્યો હતો ચાલો આપણે સૌ સાથે મળી કોઈ પણ બાળક શિક્ષણ થી વંચિત ન રહે, તેમજ ૬ થી ૧૯ વર્ષ સુધીના તમામ બાળકો ને ધોરણ ૧ થી ૧૨ સુધીનું શિક્ષણ મળી રહે તેવા પ્રયાસ કર્યો હતો આ કામગીરી માં પરમાર ભાવનાબેન એમ.એ.આર. એન્ડ વી.ઈ. પ્રાથમિક વિભાગ, જોશી દર્શનાબેન, બી.આર.સી ભવન સાવરકુંડલા, રાઠોડ ભારતીબેન પી.એ. આર. એન્ડ વી.ઈ. માધ્યમિક વિભાગ તથા તમામ સ્ટાફ દ્વારા સર્વે હાથ ધરવામાં આવ્યો હતો અને બાળકોને શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા આ તકે બેંકો, પોલીસ સ્ટેશન, છેવડાના વિવિધ વિસ્તારોમાં શિક્ષણની જાગૃતતા ફેલાવવામાં આવી હતી.

### સ્વીફ્ટ કારમાં ચોરખાનુ બનાવી દારૂની હેરાફેરી કરવાનો કીમિયો

## ઉનાના ઉન્નતનગરમાં દારૂ ભરેલ કાર મુકી બુટલેગર નાસી છુટયો

### પ્રોહિબિશનનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી એલસીબી

ઉના, તા. ૨૬

ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાએ આગામી આવનાર લોકસભા ચુંટણી – ૨૦૨૪ અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે શરીર સબંધી તથા મિલ્કત સબંધી ડીટેકશન તથા જુગાર પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા સુચના કરેલ હોય,જે અનુસંધાને એલ.સી.બી.ના ઈ.ચા.પો.ઈન્સ. એ.બી. જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ.એ.બી. વોરા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પેરોલ ફર્લો સ્કવોડના એ.એસ.આઈ. સુભાષ ભાઈ ચાવડા,પો. હેડ કોન્સ. પ્રવીણભાઈ મોરી, એલ.સી.બીના પો.હેડ કોન્સ રાજુભાઈ ગઢીયાનાઓને મળેલ સંયુકત બાતમી આધારે ઉન્નત નગર




સોસાયટી ઉના નગર પાલીકાના બગીચા પાસે વિદેશી દારૂની નાની મોટી સાઈઝની કંપની સીલપેક બોટલો નંગ–૧૮૭ કિ. રૂ.૨૬,૬૦૦ તથા સફેદ કલરની સ્વીફટ કાર રજી.નં.જીજે–૧૫ સીએ ૦૦૨૮ની ફોર વ્હીલ કાર કી.રૂ.૨ લાખ મળી કુલ રૂ. ૨ લાખ,૨૬,૬૦૦/– મુદ્દામાલ સાથે દારૂ ભરેલ ફોર વ્હીલ મુકી નાશી જનાર શકીલ ઉર્ફે શકીલબાપુ મહમદ શબીર બહારૂની રહે. ઉના નીચલા રહીમ નગર. વાળાઓ વિદ્ધદ્ધ જિલ્લા એલસીબી ટીમે ઉના પોલીસ મથકે ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


''અમરેલી એકસપ્રેસ''

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# સાવરકુંડલા ખાતે ભાજપનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં બક્ષીપંચ મોરચો અને માલધારી બેઠકમાં ધારાસભ્ય કસવાલાએ વકતવ્ય આપેલ



તા. ૨૫/૪/૨૪ને ગુરૂવારનાં રોજ સાવરકુંડલામાં પટેલ વાડી ખાતે સાવરકુંડલા–લીલીયાનાં ધારાસભ્ય મહેશ કસવાલાની અધ્યક્ષતામાં બક્ષીપંચ મોરચો તેમજ અમરેલી જિલ્લા માલધારી સેલની મીટીંગનું આયોજન અમરેલી લોકસભાનાં ઉમેદવાર ભરત સુતરીયાનાં સમર્થનમાં થયેલું. આ તકે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીની અગત્યતા સમજાવતા કહ્યું કે કેન્દ્રની ભાજપા સરકારે ઐતિહાસિક નિર્ણયો લઈ દેશમાં રાષ્ટ્રવાદ, એકતા, બંધુત્વને પ્રગટ કરી દેશને સુરક્ષા પ્રદાન કરી છે. આવનારા દિવસોમાં રાષ્ટ્રના સર્વાંગીય વિકાસ માટે અબ કી બાર ચારસો પારની અનિવાર્યતા માટે જીણવટભરી માહિતી આપી હતી. આ મીટીંગમાં ઘેટા અને ઉન વિકાસ નિગમનાં પૂર્વ ચેરમેન અમરસિંહભાઈ ખાંભલીયા, ભાવનગર જિલ્લા ભાજપ મહામંત્રી ભરતભાઈ મેર, બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભુતૈયા, અમરેલી જિલ્લા માલધારી સેલનાં પ્રમુખ મયુરભાઈ રબારી, વંડા સરપંચ વાલાભાઈ સાટીયા, આંકોલડા સરપંચ નારણભાઈ મેર, વિજપડી આગેવાન હરેશભાઈ ભુવા, બીજલભાઈ બતાડા, લાલાભાઈ ગોહીલ, હરીશભાઈ ભરવાડ, કરશનભાઈ આલ, શરદભાઈ પંડયા, પ્રવિણભાઈ સાવજ, રાજુભાઈ નાગ્રેચા, અનિરૂધ્ધસિંહ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા. આ મિર્ટીંગને સફળ બનાવવા બક્ષીપંચ મોરચો તેમજ અમરેલી જિલ્લા માલધારી સેલે જહેમત ઉઠાવી હતી.

### જિલ્લા મેજીસ્ટ્રેટનાં વોરંટના આધારે

## ખાંભાનાં મોટા બારમણ ગામનાં ભયજનક વ્યકિતની ''પાસા'' હેઠળ અટકાયત

### પોલીસ ટીમે કચ્છ જેલ હવાલે કર્યા

અમરેલી, તા. ૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહે આગામી લોકસભા સામાન્ય ચુંટણી અનુસંધાને અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃત્તિ કરનાર ઈસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર–સબંધી ગુન્હાઓ કરવાની ટેવવાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થા ખોરવતા અને ભયનું સામ્રાજય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઈસમો સામે પાસા–તડીપાર જેવા સખ્ત પગલા લઈ ગુન્હેગારોને કાયદાનું ભાન થાય તેમજ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને અને લોકસભા સામાન્ય ચુંટણી દરમ્યાન



તટસ્થ અને નિર્ભયપણે મતદાન થઈ શકે તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહીકરવા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલે અમરેલી જિલ્લા વિસ્તારમાં ગુનાઓ આચરતા ઈસમ દેવશીભાઈ કાનાભાઈ વાઢેર (રહે. મોટા બારમણ, તા. ખાંભા) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, પોલીસ અધિક્ષક અમરેલી મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટ, અમરેલી તરફ મોકલી આપેલ હોય. આવા ભયજનક સમાજ વિરોધી અસામાજીક પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ અજય દહિયાએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં એલ.સી.બી. ટીમ દ્વારા દેવશીભાઈ કાનાભાઈ વાઢેરને પાસા વોરંટની બજવણી કરી પાલરા સ્પેશ્યલ જેલ કચ્છ ભુજ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

## ગરમી વધતા ફળોના ભાવમાં પણ ઉછાળો જોવા મળ્યો

વડોદરા, તા. ૨૬

શહેરમાં આવેલી ફ્રૂટ બજારમાં હાલ વિવિધ ફળોની આવક થઈ રહી છે. શહેરના ખંડેરાવ માર્કેટમાં હાલ કેળા, ચીકુ, કેરી, તરબૂચ, ટેટી, જાંબુ, દાડમ, દ્રાક્ષ, નારિયેળ, પપૈયા, મોસંબી, કીવી,વગેરે ફળોની આવક થઈ રહી છે. વિવિધ ફળોના ભાવની વાત કરીએ તો તેમના ભાવમાં ૨ થી ૫ ટકાનો વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, ગરમીનું તાપમાન વધતા ફળોની માંગમાં પણ વધારો નોંધાયો છે.

વડોદરા શહેરના ફળ બજારમાં હાલ, કેળા ૩૦ રૂપિયા કિલો, ચીકુ ૪૦ રૂપિયા કિલો, બદામ કેરી ૧૦૦ રૂપિયાની સવા કિલો, કેસર કેરી ૨૦૦ રૂપિયાથી લઈને ૨૫૦ રૂપિયા કિલો, શક્કરટેટી ૪૦ રૂપિયા કિલો તથા ૧૦૦ રૂપિયે અઢી કિલો, તરબૂચ ૨૦ રૂપિયે કિલો, ગોરસ આમલી ૪૦ રૂપિયાની ૫૦૦ ગ્રામ, કાળા જાંબુ ૮૦ રૂપિયાના અઢીસો ગ્રામ મળે છે. ફ્રૂટ બજારમાં આવકાડો ૨૦૦ નું એક નંગ,દાડમ ૧૬૦ રૂપિયે કિલો, સફરજન ૨૪૦ રૂપિયે કિલો, દ્રાક્ષ ૧૪૦ રૂપિયા કિલો, નારિયેળ ૧૦૦ રૂપિયાના ૫ નંગ, કિવી ૮૦ રૂપિયાના ૪ નંગ, પપૌયા ૫૦ રૂપિયા કિલો અને મોસંબી ૧૦૦ રૂપિયા કિલોના ભાવમાં મળી રહ્યા છે.

ફળોના વેપારીઓએ જણાવ્યું કે, આ વર્ષે ફળોના ભાવમાં ૨ થી ૫ ટકાનો વધારો નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે, જેમ જેમ ઉનાળાની ગરમી આકરી બનતી જશે, તેમ અન્ય ફળોના ભાવમાં પણ વધારો થવાની સંભાવના છે. ફળોના ભાવમાં વધારો થવાનું કારણ બદલાતા હવામાનની અસર છે. કારણ કે કમોસમી વરસાદ થાય તો તેની સીધી અસર ઉનાળુ ફળ પર પડતી હોય છે. આ સિવાય ફળોના ભાવમાં થતો ફેરફાર ટ્રાન્સપોર્ટ ચાર્જમાં થતો વધારો-ઘટાડો, ફળના પાકને જરૂરી ખાતર-પાણીમાં લાગતો ખર્ચ, ફળોનો જથ્થો અને માંગ વગેરેને આધારે નક્કી કરવામાં આવે છે.

### એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

## રાજુલા : જામગરી બંદૂક સાથે એક ઈસમની પોલીસે કરી અટકાયત

### આરોપી મુકેશભાઈ સોલંકી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ

અમરેલી, તા. ૨૬

અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહ તથા સાવરકુંડલા ડીવીઝનના મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધએ અમરેલી જીલ્લામાં બનતા ગંભીર પ્રકારના ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથીયાર ધરાવતા ઈસમોને તાત્કાલીક પકડી પાડી જરૂરી કાર્યવાહી કરવા જરૂરી સુચના અને માર્ગદર્શન આપેલ હોય.

જે અન્વયે રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આઈ.જે.



ગીડાના માર્ગદર્શન હેઠળ રાજુલા પોલીસ ટીમ દ્વારા રાજુલા વિસ્તારમાં પેટ્રોલીંગ દરમ્યાન વડલી તથા ચારોડીયા ગામની સીમ વિસ્તારમાંથી મળેલ ચોક્કસ બાતમી આધારે એક હાથ બનાવટી અગ્નિશસ્ત્ર (દેશી જામગ્રી બંદુક) હથીયાર સાથે મુકેશભાઈ કેશુભાઈ સોલંકી (રહે. તવક્કલનગર પાણીની ટાંકી પાસે રાજુલા)ને ઝડપી પાડી મજકુર ઈસમ વિરૂધ્ધ આર્મ્સ એકટ મુજબ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

























# વાર્તા–વૈભવ

## વાંભ

**– રાકેશ દેસાઈ**

પિંકી હતી તો નાની પાંચ છ વર્ષની પણ ભારે ચબરાક, બુદ્ધિશાળી, હાજર જવાબી, શોખીન પણ ભારે, રોજ એની મમ્મી નોકરીએથી આવે ત્યારે તેનો ઠસ્સો જોઈએ હરખાતી, મમ્મીના એક ખંભા પર પાસે હોય, સાડીનો છેડો સરખો કરતી મમ્મી પિન્કીને બહુ ગમતી. જયારે નવરી પડે ત્યારે પિંકી પણ મમ્મીનો રોલ ભજવતી, આવી સુંદર નમણી પિંકીમાં એક અવગુણ હતો. તે ભારે જીદી હતી. કોઈનું માને જ નહી. કરવું એટલે કરવું, મમ્મી પપ્પા તો કંટાળીને હાથ ઉંચા કરી દેતા.

એક દિવસ પિંકીએ વેન કર્યુ, 'મમ્મી મને પણ તારી જેવું પર્સ જોઈએ''.

હસીને મમ્મી કહે, 'બેટા, તું હજી પર્શ સાચવવા જેવડી નથી થઈ. મોટી થઈશ પછી લઈ આપીશ.'' પગ પછાડી પીંકીએ જીદ પકડી,'ના મારે પર્સ જોઈએ એટલે જોઈએ.

સમજાવીને મમ્મી થાકી. તે અંદર ગઈ. નકામાં પર્સ પડેલા તેમાંથી એક સારૂ પર્સ પિંકીને આપતા બોલી. 'લે આ પર્સ, હવે તો ખુશ ને ?'' વળી મો ચડીવી પિન્કી બરાડી, 'એવું તારૂ નાખી દીધેલું પર્સ નથી જોઈતું' કહી પર્સ ફેંકી દીધું. ''મમ્મી મર્માળું હસી કહે, ''કંઈ વાંધો નહી, હું કાલે ઓફિસેથી પાછી ફરતા તારા માટે પર્સ લેતી આવીશ બસ મોટબેન ? કહી મમ્મીએ ચુમી લીધી.

'પણ જોજે. તારૂ ઉતરી ગયેલું પર્સ હું નહી જ લઉ હા. 'પિંકી હસી હતી.''બીજે દિવસે મમ્મી બજારેથી એક સરસ પર્સ પિન્કીને ગમે તેવું લઈ આવી. 'લે આ પર્સ, સાચવજે, તોડી નાખ્યું છે તો તારી વાત છે.

''હોતું હશે મમ્મી । હું પણ તારી જેમ જ ઢગલો પર્સ કબાટમાં સાચવીશ. 'કહી મિત્રોને પર્સ બતાવવા દોડી ગઈ. પિંકીના તોફાન જોઈ મમ્મી ગુસ્સે થતી નહી પણ મનમાં હરખાતી, 'અસલ મમ્મી પર ઉપરી છે.''

એક દિવસ રવિવાર હતો. વરસાદ વરસી અટકી ગયેલો. પિન્કીબેનને ફરવા જવાનું મન થયું. સરસ ફ્રોક પહેર્યુ, પર્સમાં થોડો નાસ્તો ભરી ખભે ભરાવી પિન્કીબેન તો ઉપડયા.મમ્મી કહે, 'એ મોટા બેન, કઈ બાજુ સવારી ઉપડી ?'

હાથ હલાવી પિંકી બોલી, 'સર્વિસે જાવ છું. સાંજે પાછી આવી જઈશ. ચા નાસ્તો તૈયાર રાખજે.''

મમ્મી એટલી હરખાણી કે ન પુછો વાત, દોડીને ભેટી પડી. 'ભલે મોટા બેન, તમારી આજ્ઞાનું પાલન થશે બસ.'' પિન્કીબેન તો લટક મટક કરતા ચાલી નીકળ્યા. કયાં જવું તે નકકી નહોતું એટલે ઘરની પાછળનાં ભાગમાં એક નાનકડું નાળ હતું. જેમાં વરસાદી પાણી ભર્યુ હતું. પિંકી ત્યાં જઈને પાણીને જોતી બેઠી. એક પથ્થર પર નાનકડો દેડકો પિન્કીને જોતો બેઠો હતો. પિંકીનું ધ્યાન ગયું. પિંકી હસી પડી, ભાઈ વાહ કેવો સરસ દેડોકો છે. તે ઉભી થઈ દેડકા પાસે જઈને ઉભી રહી.

દેડકો પણ હિંમત વાળો હતો. હાલ્યા ચાલ્યા વિના પિંકીને જોતો બેસી રહયો. પિંકીને મજા પડી. તે બોલી, 'દેડકા ભાઈ, કેમ છો ? દેડકો ખુશ થઈ ગયો. તેને લાગ્યું કે મને કોઈ બોલાવે છે. આંખો પટપટાવતો જોઈ બોલ્યો, 'મજામાં છું તમે કોણ છો ?''દેડકા ભાઈ મારૂ નામ પિંકી પણ તમે અહી કેમ બેઠા છો ?'અહી અમારૂ ઘર છે. મારા પરિવાર સાથે આ મોટી શીલાની બખોલમાં રહું છું.'' વાહ દેડકા ભાઈ તમારૂ ઘર તો સરસ છે, તમે મારી સાથે દોસ્તી કરશો ?''

'કેમ નહી,. મને મિત્રો ખુબ ગમે છે પણ મારે કોઈ મિત્ર જ નથી.''

'તો આજથી આપણે મિત્રો, લાવો તમારો હાથ. 'બન્નેએ હાથ મિલાવ્યા. પછી તો ઘણી ઘણી વાતો કરી. પર્સમાંથી દેડકા મિત્રને નાસ્તો કરાવ્યો. પર્સ ખભે લટકાવી પિન્કી કહે, 'દોસત, હવે હું કાલે આવીશ. હું જાવ, મમ્મી રાહ જોતી હશે. ફરી મળ ીશું.''

'પછી કયારે આવશો પિન્કીબેન ?''

''બહું જલ્દી પાછી આવીશ હો દેડકા ભાઈ. 'કઈ પિંકી દોડતી ઘેર ચાલી ગઈ. પછી તો વારંવાર પિંકી અને દેડકો મળતા. ઢગલો વાતો કરતા. નાસ્તો કરી છુટા પડતા. એક દિવસ પિંકીએ કહયું, 'તમે મારે ઘેર ના આવો ?'' આવુંને.. કેમ ના આવું, પણ મેં તમારૂં ઘર કયાં જોયું છે ?'' હું તમને લઈ જઈશ. ચાલો હું તમને મારા હાથમાં બેસાડી લવ તો ચાલશે ?'' ચાલશે નહી દોડશે. 'અને દેડકો પિન્કીબેનની હથેળીમાં બેસી ગયો. પિન્કીને નવો જ અનુભવ થયો. હાથમાં ઘેર આવી બોલી. ''મમ્મી જો તો મારી સાથે કોણ આવ્યું છે ?''

રસોડામાંથી મમ્મી બોલી, 'કોણ છે બેટા, તેને બેસાડ હું આવું છું. 'કહી મમ્મી આવી. જોયું તો પિંકી દેડકા સાથે વાતો કરતી બેઠી હતી.

પિંકી આ શું લાવી છે ? છોડ એને. દેડકા થોડા ઘરમાં લવાતા હશ ?''મમ્મી અમે દોસ્ત છીએ. તે આપણા ઘેર રહેવા આવ્યો છે. હું એને મારા સરસ ઢીંગલીના પાંજરામાં રાખીશ. એટલે કોઈ તેને હેરાન ન કરે. 'કહી પિંકી દોડતી ગઈ અને પાંજરૂ લઈ આવી. દેડકાને તેમાં મુકી બોલી. ''ખુબ મજા પડશે દોસ્ત. અહીં જ પાણી, ખાવાનું મળી રહેશે હો.''દોસ્ત દેડકાને નવા ઘરમાં રહેવું ગમ્મયું નહી પણ પિન્કી દોસ્ત ખાતર બેસી રહયો. રાત તો મહામુસીબતે વિતાવી. મુકત રીતે હરવા ફરવા વાળા દેડકાને લાગ્યું કે આ કયાં ભરાય પડયા. હવે કેમ છુટવું ? પિંકી છોડશે પણ નહી. કંઈક કરવું તો પડશે.

સવારે પિંકી ઉઠે તે પહેલા તેની મમ્મી જોવા આવી. દયામણ મો કરી દેડકો કહે, ''મમ્મી, હું તો મુકત જીવ છું. આ પિંજરામાં મારો દમ ઘુટવા લાગ્યો છે. મને છોડાવો તો તમારો આભાર. ''મમ્મી પણ એવું જ ઈચ્છતી હતી. થોડી વાર વિચારી કહયું, ''બેટા હું ઉપાય કરીશ. બસ થોડો સમય જાળવી જા.''

બીજે દિવસે મમ્મી પિંકી સમાય એવડું પીંજરૂ લઈ આવી. પિન્કીને બતાવી કહે, 'બેટા આ તારૂ ઘર છે. આજથી તારે એમાં રહેવાનું છે.''દેડકો તાળી પાડી નાચી ઉઠયો, 'બરાબર મમ્મી, પિંકીએ મને પુરી દીધો છે એમ તમે એને પુરી દો. મજા પડશે.'ચાલ બેટા, આ પિંજરામાં બેસી જા. એમાં પાણી, જમવાનું બધું મળ શે. તું ચિંતા ન કરતી.''

''મમ્મી તારો મગજ તો ઠેકાણે છે ને ? હું ને તે પાંજરામાં ? મને થોડી પાંજરામાં રાખવાની હોય ? 'પિંકી બરાડી. ''કેમ તું તારા દોસ્તને પિંજરામાં રાખી શકે તો તને શું વાંધો છે ?'' '' હું તો માણસ છું, એ તો જંતુ છે. તને ફરક નથી દેખાતો ?' દેખાય છે પણ તારામાં અને દેડકામાં જીવ તો એક સરખો જ છે ને ? તને જો પાંજરામાં ન ગમે તો દેડકાને ગમે ? એમાંય તારી જેવો જ જીવ છે. એને તારી જેમ મુકત હરવું ફરવું ગમે કે નહી ? એના મમ્મી પપ્પા રાહ જોતા હશે કે નહીં ?''મમ્મી, સાચું કહયું, હું જેમ સ્વતંત્ર છું એમ મારો દોસ્ત પણ સ્વતંત્ર હોવો જોઈએ, ચાલ દોસ્ત હું તને તારા ઘેર મુકવા આવું છું. ''કહી પિંકીએ પાંજરાનું બારણું ખોલી દેડકાને હથેળીમા લઈ ચાલી નીકળી. નારા પાસે જે પથ્થર પર દેડકો બેઠો હતો ત્યાં જ બેસાડી બોલી.''દોસ્ત આપણે રોજ મળીશું. ખુબ વાતો કરીશું. નાસ્તો કરી મજા કરીશું. હવે તને ગમશે ને ?''

''હા દોસ્ત, હવે મને મારૂ ઘર મળ્યું. હું સ્વતંત્ર બન્યો છું. હું હમણાં મારા મમ્મી પપ્પા, ભાઈ બહેનને મળવા જઈશ. ખુબ વાતો કરી મજા કરીશું.'' કહી દેડકો કુદતો ઘરમાં ચાલ્યો ગયો. પિંકીના મોં પર મુકિતનું હાસ્ય ફરી વળ્યું. તે હસતી હસતી ઘેર પાછી ફરી. **( રવજીભાઈ કાચા– મો.૯૪૦૮૧ ૫૭૦૯૨)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**




# અમરેલીનું શૈક્ષણિક પરિસર

આમ તો અમરેલી શિક્ષણનું મથક ગણાતું. જૂના વડોદરા રાજયના વખતમાં અનિવાર્ય–નિઃશુલ્ક શિક્ષણ અને કન્યા કેળવણી યોજનાનો પ્રારંભ અમરેલી વિસ્તારથી થયેલો. પ્રાથમિક શિક્ષણની સુવિધા અમરેલીમાં વર્ષોથી હતી. માધ્યમિક શિક્ષણની સુવિધા પણ વીસમી સદીના પ્રારંભમાં ઉપલબ્ધ થયાનું સમજાય છે. આઝાદી પૂર્વે એક સરકારી હાઈસ્કૂલ હતી. ૧૯૩૮માં અમરેલીના એક યુવાને ગ્રેજયુએટ થયમા પછી ન્યૂ–ઈરા–ઈંગ્લીશ સ્કૂલ એ નામે શાળા શરૂ કરી. આ યુવાનનું નામ હતું છોટુભાઈ જગજીવનદાસ વિઠલાણી. તેમણે શરૂ કરેલી શાળા પછીથી ફોરવર્ડ સ્કૂલના નામે કાર્યરત થઈ. અત્યારે તે કમાણી ફોરવર્ડ અને જીજીબેન વિઠલાણી ફોરવર્ડ ગલ્સ હાઈસ્કૂલ જેવી માતબર સંસ્થાઓ કાર્યરત છે. આઝાદી પછી તુરત જ જૂના કલાભાવના સ્થાને ખુશાલદાસ કુરજી પારેખ ટેકનીકલ ઈન્સ્ટિટયૂટ થઈ જેમાં વ્યવસાયિક તાલીમનો પ્રારંભ થયો. સરકારી હાઈસ્કૂલ અમરેલી કેળવણી મંડળ નામના ટ્રસ્ટે સંભાળી અને શ્રી રૂઘનાથ પૂંજા અને ખુશાલદાસ કુરજી પારેખના નામ સાથે તેનો વિકાસ થયો. આજે આ સંસ્થા પારેખ મહેતા વિદ્યાલયના નામે જાણીતી છે અને વિશાળ સંકુલમાં મોટી સંખ્યામાં બાળકોને બાલમંદિરથી ધો. ૧૨ સુધીનું શિક્ષણ આપે છે. સરકારી હાઈસ્કૂલના મકાનમાં સરકારે ગર્લ્સ હાઈસ્કૂલ શરૂ કરેલી જે પચાસના દાયકામાં અમરેલી નગરપાલીકાએ સંભાળી. નગરશેઠ ત્રિભોવનદાસ પરમાણંદદાસે આપેલા યોગદાનથી આ શાળાનું વિસ્તૃતિકરણ થયું. અત્યારે આ સંસ્થાનું સંચાલન શ્રી મોહનલાલ વિરજીભાઈ પટેલ ટ્રસ્ટે કરે છે. વર્ષો સુધી અમરેલીમાં ત્રણ સ્કૂલો મુખ્ય રહી. બહેનોની સંખ્યા વધતા ફોરવર્ડ સ્કૂલ ટ્રસ્ટે ૧૯૬૯માં કન્યા વિભાગ શરૂ કર્યો. આજે તે જીજીબેન ફોરવર્ડ હાઈસ્કૂલના નામે મહત્વનું કામ કરી રહેલ છે.આ ગાળા દરમિયાન ખાસ કરીને નબળા વર્ગના બાળકો માટે યુનિટી સ્કૂલ શરૂ થઈ તે પણ આજે સારી સાથે ફોરવર્ડ સ્કૂલના કેટલાક નિવૃત શિક્ષકોએ સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ : રૂપાયતનો પ્રારંભ બાલમંદિર અને પ્રાથમિક શાળાથી કર્યો. ૧૯૯૦માં આ ટ્રસ્ટ દ્વારા દીપક હાઈસ્કૂલનો પ્રારંભ થયો. (આ અંકમાં આ સંસ્થા અંગે સ્વતંત્ર લેખ છે.)

છેક ૧૯૬૧ સુધી અમરેલીમાં ઉચ્ચ શિક્ષણની સુવિધા ન હતી. ડો. જીવરાજભાઈ મહેતાના પ્રયત્નોથી અમરેલી જિલ્લા વિદ્યાસભા દ્વારા જૂન–૧૯૬૧માં પ્રતાપરાય આર્ટસ કોલેજના વર્ગો શરૂ થયા. ૧૯૬૨માં કમાણી સાયન્સ કોલેજના વર્ગો થયા. આ બંને કોલેજો માટે સુવિધાપૂર્ણ ભવ્ય મકાનો પણ થયા. થોડા સમયમાં ખુશાલદાસ કુરજી પારેખ કોમર્સ કોલેજનો પ્રારંભ થયો. અત્યારે ત્રણેય કોલેજો મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે અને અનેક પ્રકારના અભ્યાસક્રમોની સુવિધા પ્રાપ્ત થઈ છે. આઈ.ટી.આઈ. પણ ૧૯૬૦ના દાયકામાં શરૂ થઈ. ૧૯૮૦ના દાયકામાં ડો. જીવરાજ મહેતા પોલિટેકનીકનો પ્રારંભ થયો જે એન્જિનિયરીંગ કોલેજમાં રૂપાંતરતિ થયેલ છે. જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પણ સરકાર દ્વારા કાર્યરત છે.

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

# ૧૫ – પ્રફુલ્લચંદ્ર ચાકી

**જન્મ : ૧૦ ડિસેમ્બર, ૧૮૮૮**
**વીરગતિ : ૧ મે, ૧૯૦૮**

ક્રાંતિકારી પ્રફુલ્લચંદ્ર ચાકીનો જન્મ ૧૦મી ડિસેમ્બર–૧૮૮૮ના રોજ વર્તમાન બાંગ્લાદેશ બોગરા જિલ્લામાં થયો હતો. તેમનું મૂળ નામ પ્રફુલ્લકુમાર ચક્રવર્તી, પરંતુ ક્રાંતિકારી મિત્રો તેમને ટૂંકમાં પ્રફુલ્લ ચાકી કહીને બોલાવતા. પછીથી લોકોમાં પણ આ જ નામ ચાલ્યું. ૩૦એપ્રિલ, ૧૯૦૮ના રોજ કિંગ્ડ ફોર્ડને ખતમ કરવાના ષડયંત્રમાં ખુદીરામ બોઝ સાથે પ્રફુલ્લ ચાકી પણ સામેલ હતા. બોમ્બ ફેંકીને થોડે સુધી તો ભાગવામાં બેઉ સાથે જ રહેલા. પછીથી કોઈને શંકા ન પડે એ માટે બન્ને જુદા પડી ગયા. ખુદીરામ બેનીગાંવ તરફ ભાગ્યા તો પ્રફુલ્લે સમસ્તીપુરનો રસ્તો પકડયો. બીજે દિવસે તેઓ સમસ્તીપુર પહોંચ્યા. નાહીધોઈને ઈન્ટરકલાસની ટિકિટ લઈને તેઓ હવે મુકામા જવા ઊપડયા. દુર્ભાગ્યવશ એ જ ડબ્બામાં પોલીસનો સિપાઈ નંદલાલ બેનરજી પણ બેઠો હતો. તે પોતાની રજા પૂરી કરીને સિંહભૂમિ પોલીસથાણે ફરજ પર હાજર થવા જઈ રહ્યો હતો. કિંગ્ડ ફોર્ડના બંગલે જે બોમ્બ ફેકાયો હતો એ ક્રાંતિકારીઓ દ્વારા ફેકાયેલો પ્રથમ બોમ્બ હતો. આ અગાઉ દેશભરમાં કોઈએ આવું



સાહસ નહોતું કર્યુ. અંગ્રેજ સરકાર સ્તબ્ધ થઈ ગઈ હતી. છાપામાં પણ પાનાં ભરીને આ સમાચારો પ્રકાશિત થયા હતા. બોમ્બ ફેંકનાર શંકાશીલ વ્યકિતનાં વિવરણ પણ તેમાં આપવામાં આવ્યાં હતાં. આ વિવરણના આધારે સિપાઈ નંદલાલ બેનરજીને સામે બેઠેલા યુવક પર શંકા પડી છાપામાં બોમ્બ ફેકનાર વિશે લખ્યું તેમાનું ઘણું બંધુ એ યુવકને મળતું આવતું હતું. તેણે હવે એ યુવક સાથે અજાણ્યા થઈ વાતો કરવા માંડી. પ્રફુલ્લ ચાકીને પણ તેના પર શંકા પડી. એટલે પછી જે સ્ટેશન આવ્યું ત્યાંથી તે ડબ્બો બદલીને બીજા ડબ્બમાં બેસી ગયા. આ દરમિયાન સિપાઈએ આ યુવક પર શંકા હોવાનો તાર મુજફફરપુર મોકલ્યો અને ત્યાંનો આદેશ માંગ્યો. આગળના સ્ટેશને તેને તાર દ્વારા જ સૂચના મળી કે શંકાશીલ માણસને પકડી લો. સિપાઈ નંદલાલ બેનરજી પાછો પ્રફુલ્લ ચાકી પાસે આવ્યો. શંકા પડતા પ્રફુલ્લ ચાકી ભાગ્યા. પલેટફોર્મ ભેટો ગઈ ગયો. ચારેબાજુથી ઘેરાઈ ગયા. કોઈ ઉપાય ન બચતાં એમણે પિસ્તોલ કાઢીને ગોળી ચલાવી, પરંતુ નિશાન ચૂકી ગયા. આ દરમિયન પાછળ ઊભેલા એક સિપાઈએ પાછળથી તેમના હાથ પકડી લીધા. છટકવાનો કોઈ હવે કોઈ વિકલ્પ બચ્યો નહોતો. આથી તેમને જીવતા પકડીને તેમના પર દમન ગુજારી ષડયંત્ર અંગેની માહિતી કઢ ાવવાનું અંગ્રેજ સરકારનું ધ્યેય પાર ન પડે તે માટે તેમણે પોતાના ઉપર જ બે ગોળી છોડી દીધી. એક ગોળી જડબામાં વાગી, બીજી કાંધના હાડકામાં. અને ૧ મે, ૧૯૦૮ના એ કમભાગી દિવસે ઘટનાસ્થળે જ તેમણે શહીદી વહોરી.




# વાંચનની ટેવ


**શિશુવંદના**

**– ગિજુભાઈ ભરાડ**

બાળક શાળાએ હોય છે ત્યારે એને ઘરની યાદ સતાવતી હોય છેં સામે એની એ પણ અપેક્ષા રહે છે કે ઘરે પણ મને બધા યાદ કરતા હશે.જયારે બાળક શાળાએથી પાછું ખાવે છે ત્યારે જો તમે એની રાહ જોઈને દરવાજે ઉભા હો તો ત આનંદ–વિભોર બની જાય છે. કોયકવાર ઘરના બધા જ સભ્યો પોત પોતાના કામમાં એટલા મશગુલ હોય છે કે બાળક શાળાએથી આવે ત્યારે એને હર્ષથી આવકારવાનું આપણે ભુલી જઈએ છીએ અને એ એમ જ જાણે કે કોઈ અજાણ્યાના ઘરમાં પ્રવેશી ગયા હોય એમ પોતાનુ દફતર મુકી બુટ કાઢી અને આમતેમ 'કોઈનુ મારામાં ધ્યાન નથી'ની ભાવના સાથે, પોતાના સ્વાગતની જિજ્ઞાસા સાથે ફાફા મારવા લાગે છે અને... એકાએક કોઈનુ ધ્યાન જાય છે... આપણે એમ માની લઈએ છીએ કે બાળક ઘરમાં આવી ગયું છે. શાળાએથી આવતા બાળકને એની ખાતરી થવી જોઈએ કે ઘરમા એની સતત પ્રતીક્ષા થાય છે. આ ભાવના જો બાળકમાં વિકસાવવામાં ન આવેડ તો આગળ જતાં એ ઘર મોડા આવવાની, એનાથી આગળ જતા રાત્રે મોડા આવવાની પક્રિયામાં પરિણમે છે. ઘર એ એવી જગ્યા છે જયાં એની પ્રતિક્ષણ પ્રતિક્ષા થાય છે એ ભાવનાનો છોડ બાલ્યવયે એના હદયમાં રોપાઈ જવો જોઈએ.

# ૧૭ – સારા કામનો આનંદ

કમલેશ નામનો એક છોકરો આઠમા ધોરણમાં ભણતો હતો. ભણવામાં તે મધ્યમ હતો, પણ તોફાનમાં અને ચોરીમાં અવ્વલ.કોઈ પણ વિદ્યાર્થીની કાંઈ પણ વસ્તુ ગઈ હોય તો કમલેશનું જ નામ આપે અને ખરેખર તેની પાસેથી ચોરાયેલ વસ્તુ મળે પણ ખરી ! રિસેસમાં પણ તેની કોઈ ને કોઈ વિદ્યાર્થી ફરિયાદ લઈને આવે જ ! આ શાળામાં માધવ નામનાં નવા સાહેબ આવ્યા. થોડા સમય સુધી તેમણે કમલેશના વર્તનનો અભ્યાસ કર્યો. સાહેબે મનોમન નકકી કર્યુ કે 'કમલેશને મારે સુધારી દેવો છે અને એ પણ તેને ખબર ન પડે તે રીતે.' આ માટે માધવ સાહેબે એક યુકિત વિચારી. એક દિવસ પિરિયડ પૂરો થાય પછી તે દસ રૂપિયાની નોટ ટેબલ ઉપર મૂકી ચાલ્યા ગયા. રિસેસના સમયે કમલેશે એ નોટ પોતાના ખિસ્સામાં કોઈ ન જુએ તેમ મૂકી દીધી. રિસેસ પછી પાછો માધવ સાહેબનો જ પિરિયડ હતો. માધવ સાહેબે કમલેશને ઉભો કર્યો અને કલાસ વચ્ચે કહ્યું કે, '' મારી દસ રૂપિયાની નોટ ટેબલ ઉપર રહી ગઈ હતી, કમલેશ મને નોટ પાછી આપી દેવા કહ્યું કે કલાસરૂમમાં આપજે.'' કચવાતા મને કમલેશને ઊભા થવું પડયું અનેદસ રૂપિયાની નોટ પણ પાછી આપી. માધવ સાહેબે કહ્યું કે, ''બધા છોકરાઓ તાળીઓ પાડી કમલેશનું સન્માન કરો.'' બધા છોકરાઓએ તાળીઓથી કમલેશને વધાવી લીધો. કમલેશને ખરેખર પહેલી વખત બહું સારું લાગ્યું. બધાનો પ્રેમભાવ જોઈ તે ગદગદ થઈ ગયો. તેણે મનમાં વિચાર્યુ કે 'જો હું સારું કામ કરું તો કેવો આનંદ મળે ? કેવું સન્માન થાય ?' થોડા દિવસ પછી સાચે જે એક એવો પ્રસંગ બન્યો કે કમલેશને ખૂબ આનંદ થયો. વાત એમ બની કે કમલેશ ઘરેથી મહેશ સાથે સ્કૂલે જતો હતો. ત્યારે રામુકાકાની દુકાને નાસ્તો લેવા રોકાયો. કમલેશે દસ રૂપિયાના બિસ્કિટ લીધાં અને પચાસ રૂપિયાની નોટ રામુકાકાને આપી. રામુકાકાએ તેને નેવું





રૂપિયા પાછા આપ્યા. કમલેશે રામુકાકાને



કહ્યું કે, 'આ લો નેવું રૂપિયા અને મને ચાલીસ રૂપિયા જ પાછા આપો. મેં તો પચાસ રૂપિયાની નોટ જ આપી હતી.'' રામુકાકાને મનમાં એમ જ કે કમલેશે સો રૂપિયાની નોટ આપી છે. કમલેશની સચ્ચાઈથી તે ખૂબ જ પ્રભાવિત થયા અને કહ્યું કે, ''મને તારા ઉપર ગર્વ છે. આ લે વધારાનું બિસ્કિટનું એક પેકેટ તને આપું છું.'' ''ના... ના... મારાથી વધારાનું બિસ્કિટનું પેકેટ ન લેવાય. સાચું બોલવું એ મારો ધર્મ છે. માધવ સાહેબના કહેવા પ્રમાણે સાચા કામનો આનંદ જ અનેરો હોય છે.'' બિસ્કિટનું પેકેટ પાછું આપતાં કમલેશ બોલ્યો. મહેશે જયારે શાળામાં કમલેશની પ્રમાણિકતાની વાત કરી ત્યારે બધાએ પ્રાર્થના સભામાં અભિનંદન આપ્યા અને તાળીઓના ગડગડાટથી તેને વધાવી લીધો.પ્રાર્થના સભામાં ઊભા–ઊભા મહેશ વિચારી રહ્યો કે ' ખરેખર સાચા કામનો આંનદ અનેરો હોય છે. હવેથી હું પણ કમલેશની જેમ કાયમી સારાં કામ જ કરીશ.'' તાળીઓના ગડગડાટમાં મહેશની નવી સોચ પણ બહુમાન પામી.

**બાલમિત્રો,**



અત્યારે કોઈ વિદ્યાર્થી કે બાળકને પૂછવામાં આવે કે, ''તારે શું બનવું છે?'' તો માબાપે પઢાવેલ પોપટ બોલશે, ''બારે ડોકટર, એન્જિનયર બનવું છે?''બાતા પિતાની એક જ ઈચ્છા હોય છે કે આપણું સંતાન ડોકટર બને, પણ એ વડીલો એ નથી જાણતા કે પોતાના
બાળકમાં ડોકટર કે એન્જિનયર બનવાની ક્ષમતા છેકે ત્યારે એ બાળક ભણવામાં પાછું પડે. ઓછા માર્ક આવે ત્યારે માબાપને લાગેછેકે, ''અબ છોકરા એતો અમારુ નામ બોળ્યું, સાવ નકામો છે, બળદ જેવો છે.'' એમ કહી છોકરાને હતાશ,નિરાશ કરી દેશે પણ માતાપિતા એ નથી જાણતાકે જીવનમા એકજ પરીક્ષા નથી. ગમે ત્યારે બીજી પરિક્ષા આપી શકાય છે. પાસ થવાય છે ને ધ્યેય હાંસલ કરી શકાય છે.

આવી પરીસ્થિતીમાં બાળકો ડીપ્રેસનમાં આવી જાય છે, પાગલ બની જાય છે, આપધાત કરી લે છે. ત્યારે બાતાપિતાને ભુલ સમજાય છે, બાળક એ બાળક છે, એક નાનો છોડ છે. જેવું એનુ જતન કરશો એવો એનો વિકાસ થશે. ખાતર,પાણી નહી મળેતો એ મુરજાઈ જશે, બળી જશે આવુ ન થાય તે માટે બાળકોએ, વડીલોએ ખાસ ધ્યાન રાખવા જેવું છે.


# વાંભ (સંપાદક : શ્રી કાચા સાહેબ)

**આવતા અંકનું ચાલુ છે...**

રતિલાલ બોલ્યો. ''લ્યો, તો કહેતા કેમ નથી ? પોલીસ પૂછપરછ કરશે ત્યારે બધું જણાવજો બરાબર. પેલા બદમાશને સજા થવી જ જોઈએ.'' રતિલાલે હકારમાં ડોકું હલાવીને કહ્યુંઃ '' મને એ કારનો નંબર પણ યાદ રહી ગયો છે.'' શોભાએ ચપટી વગાડી : ''લ્યો, તો કહેતા કેમ ની ? તો તો એ ગુંડો પકડાઈ જ ગયો સમજો...'' પછી એ સ્વગત બોલીઃ ' 'છોકરી ફૂટપાથ પર અડધી રાતે ઢગલો થઈને બેસી પડી... બિચારીની ઈજ્જત લૂંટાઈ છે !'' રતિલાલ ધીમા અવાજે બોલ્યા : ''હા, એ બિચારી ...''''શુ થશે ?'' શોભાએ કપાળ પર કરચલીઓ સાથે પૂછયું. રતિલાલે ખેની રોજની દવા અંગે પૂછીને જવાબને ટાળ્યો. શોભા સૂઈ ગઈ તે પછી પણ એના ચહેરાની ખેંચાયેલી રેખાઓમાં ચિંતા દેખાતી હતી. સવારે રમેશનો ફોન આવ્યો. શોભાએ મોબાઈલ ફોનને લાઉડ પર રાખવા કહ્યું રમેશનો અવાજ ભારે હતો, કદાચ ઉજાગરાને લીધે, આઘાતને લીધે.''રતિલાલ, એ નરાધમ કોણ છે, ખબર છે પેલો 'કાકાજી' તરીકે ઓળખાય છે એ બિલ્ડર ! આ વિધાનસભાની ચૂંટણીમા ઉમેદવાર પણ છે. જો, એ છોકરીનું નામ રમા છે, ને એના બાપની કરિયાણાની નાની દુકાન છે. રમાના પપ્પા તો બિચારા દીકરીને વળગીને એટલું રડે..'' રમેશનો અવાજ ગળગળો થઈ ગયો. આ સાંભળીને ડ્રોંઈગરૂમને સરખો કરતી શોભાના ચહેરા પર દુઃખ તરી આવ્યું, ને એ રતિલાલને તાકી રહી. ''ગમે તે હોય પણ આ છોકરી રમા છે. હિંમતવાળી ! શરૂઆતમાં તો એ બઉ રડી, પણ છેવટે એના રડતા પપ્પાને એણે છાના રાખ્યા ! રમાની મા કિડનીની બિમારી પછી ગયા વરસે ગુજરી ગયેલી. એની સારવાર અંગેના ખર્ચ માટે એનાં પપ્પાએ વ્યાજના ઊંચા દરે પૈસા ઉધાર લીધેલા, એક કરે. રમા માટે કોઈ પણ નોકરી શોધ્યા વગર છૂટકો જ નહોતો.'' ''અરેરેરે... બિચારી !'' ટીવીને લૂંગડાંથી લૂછતી રમા બોલી. ''એણે એક સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલમાં ટીચરન નોકરી માટે અરજી આપેલી. એડહોક પોસ્ટ હતી. સવારે વોક–ઈન ઈન્ટરવ્યૂ પછી એક પ્યૂન આવીને એને ગુસપુસ કહી ગયો કહી ગયો કે ટ્રસ્ટીસાહેબને એ હોશિયાર લાગી છે, ને બાયોડેટા સાથે સ્કૂલની ઓફિસમાં સાંજે બોલાવી છે. રમાને આ બધું ખાનગી રાખવાનું કહેવાયેલું, બીજા ઉમેદવારોને ખબર ના પડે એટલે. રમાએ ફકત એના પપ્પાને જ આ ખાનગી મુલાકાત અંગે જણાવેલું.'' ત્યાં જ ફોનમાં પાછળથી ચંદાનો અવાજ સંભળ ાયો : ''પપ્પા, વોટસએપ પર ઈન્વિટેશન મોકલી આપ્યુને ?'' રમેશે એને જવાબ આપીને વાત ધીમા અવાજે આગળ ચલાવી. ''રમા ફાઈલ લઈને સાંજે સાત વાગ્યે ત્યાં પહોંચેલી. એક પ્યૂન હતો આખી સ્કૂલમાં પેલો સરવાળો જ પ્યૂન. રમાએ રાહ જોઈ એ દરમ્યાન એને ત્યાં જ ફોનમાં પાછળથી ચંદાને અવાજ સંભાળ્યોઃ પપ્પા, વોટ્સએપ પર ઈન્વિટેસન મોકલી આપ્યું ? રમેશે એને જવાબ આપીને વાત ધીમા આવજે આગળ ચલાવી. મિં ફાઈલ લઈને સાંજે સાત વાગ્યે ત્યાં પહોંચેલી. એક પ્યૂનજ હતો આખી સ્કૂલમાં. પેલો સરવાળોજ પ્યૂન. રમાંએ રાહ જોઈ એ દરમયાન ચા–નાસ્તો પણ અપાયેલો. નવેક ભાગ્યે લાલ સિડાન કાર સ્કૂલના કંપાઉંડરમાં આવત એણે બારીમાંથી જોયેલી.રમેશ બોલતા અટક્યો. ફોનલય ને બેઠેલો રતિલાલ કઈ ન સુજતા ઊભો થઈ ગયો. શોભા એની નજીક ઊભી રહી ગઈ. રમેશે વાતનો દોર સાંપ્રયોઃ પેલો પ્યૂન રમણે ઉપલે માળેપાછળના ભાગે આવેલા રૂમમાં લય ગયો, એવું કહીને કે મુલાકાત ખાનગી રાખવાની છે, ને ત્યાં સીસીટીવી કેમેરા નથી. મોત સ્ટોર–રૂમ જેવા લગતા એ રૂમના એક ખૂણામાં ગાંધીજીનો તૂટેલી ફ્રેમવાળો ફોટો, તૂટેલી બેનચીસ ને ખુરસીઓ હતી. બીજે છેદે એક વુડન દીવાન હતી,જેના પર ગાડલુ વાળેલું પડ્યું હતું. પ્યૂન બે ગાદીવાળી ખુરશીઆ લઈ આવ્યો, ને દીવાન પાસે મૂકી ગયો. રમાં એક ખુરશી પર બેઠી... દરેક મિનિટમાં 'કાકાજી આવ્યો. એ બીજી ખરશી પર બેઠો. એણે સફેદ જભ્ભો ને સુરવાલ પહેરેલા હતા. એણે પહેલા રમાં સાથે એના ભણતર, એના કુટુંબ વિષે લાંબી વાત કરી. એણે ભાર દઈને જણાવ્યું કે આ સ્કૂલનો કારભાર એ પોતેજ ચલાવે છે, ને એને એડહોક પર, ને પછી, કાયમી ધોરણે પણ નોકરી અપાવશે. એણે અય કહ્યું કે એના પપ્પાના માથા પર જએ પેઢીનું દેવું છે એનો માલિક એનો લંગોટિયો દોસ્તાર છે.રમેશનો અવાજ ધીમો થઈ ગયો. કદાચ પેલી ભયાનક ઘટના નજીક જ નથી અટલે. રતીલાલે પોતાના મોં પર હાથ ફેરવ્યો. શોભા દીવાલ પર લટકાવેલ કેલેન્ડરમાં ભગવાનના ફોંટએ સામે જોઈ રહી. રમેશે સહેજ ઉશ્કેરાઈને કહ્યુંઃ પેલાએ દીવાન પરના વળેલા ગાડલાને પાઠર્યુ. એ ત્યાં બેઠો. એણે રમાને એની ફાઈલ સાથે બાજુમાં બેસવાનું કહ્યું. પણ એણે ઊભાઊભા જ ફાઈલ પેલાની સામે ઘરી. એણે રમાને કહ્યું કે બાપને માથે આટલું દેવું છે તો તું દીકરી થઈ ને નોકરી પણ નહિ કરે... એણે એને દીવાન પર ખેચી. રમાં ફાઈલ લયને બહાર નિકળી જવા મથી,પણ બારણું બહારથી બંધ હતું. 'કાકાજી એને ખેચીને દિવાન પર લઈ ગયો, બોલતો રહ્યો,લેણદેણની વાત છે... રમેશનો નીઃસાંસો સંભાળ્યો. ચુપકીદી છવાય ગઈ. પછી.. રમાં ત્યાં સિટી બસમાં આવેલી

# સફળ થવાનો રાજમાર્ગ– સ્વામી વિવેકાનંદ


એક જ વિચારને પકડો. એ એક જ વિચારને તમારું જીવન સર્વસ્વ બનાવો. તેને વિશે જ વિચાર કરો. તેનાં જ સ્વપ્ર સેવો, એ વિચાર પર જ જીવો. તમારુ મગજ, સ્ત્રાયુઓ, માંસપેશીઓ, જ્ઞાનતંતુઓ, તમારા શરીરના એકએક અવયવોને એ વિચારથી ભરપૂર કરી દો અને એ સિવાયના બીજા દરેકે દરેક વિચારને પડતા મૂકો. સફળ થવાનો આ જ માર્ગ છે અને આ જ માર્ગે મહાન આધ્યાત્મિક વિભૂતિઓ પાકે છે.



# પાંડવોનો જન્મ (શ્રીરામકૃષ્ણ જયોત)

– સ્વામી વિવેકાનંદ

પાંડુના બધા પુત્રો પાંડવના નામથી જાણીતા થયા. આ બધા પુત્રો મહર્ષિ દુર્વાસાએ કુંતીને આપેલા મંત્ર દ્વારા જન્મયા હતા. તેમાં સૌથી મોટા, જે ધર્મરાજ યમના આવાહન થકી ઉત્પન્ન થયા હતા, તે યુધિષ્ઠિર અથવા ધર્મપૂત્રના નામથી ઓળખાયા. યુધિષ્ઠિર અથવા ધર્મપૂત્રના નામથી ઓળખાયા. યુધિષ્ઠિરનો અર્થ છે જે યુદ્ધમાં વિચલિત ન થાય, અને ધર્મપૂત્રનો અર્થ છે ધર્મની પ્રતિમૂર્તિ. વાયુદેવતાના આશીર્વાદથી કુંતીને ભીમ નામનો બીજો પુત્ર પ્રાપ્ત થયો, જેનો અર્થ ખૂબ ભારે અથવા ભારેખમ અને શકિતશાળી એવો થાય છે. પછીથી તેમને વૃકોદર (વરુ જેવા પેટવાળો) પણ કહેવામાં આવ્યા. તેનો અર્થ છે, જેની ભૂખ કયારેય ન મટે તે. તેમનું શરીર અત્યંત સુદઢ અને બળવાન હતું. જયારે તેઓ બાળક હતા, ત્યારે એકવાર પોતાની માતાના



ખોળામાંથી સરકીને નીચે એક શિલા પર જઈ પડયા. આથી તે શિલાના ટુકડે–ટુકડા થઈ ગયા. ભીમ અને દુર્યોધનનો જન્મ એક જ દિવસે થયો હતો. પાડું અને કુંતી થકી જન્મ લેનાર તેમનો ત્રીજો પુત્ર હતો પરમ વીર અને મહાન ધનુર્ધર અર્જુન. તેઓ એટલા શુરવીર હતા કે તેઓ એકલા જ સમગ્ર પૃથ્વી પર વિજય મેળવી શકવા સમર્થ હતા. મંત્રના ઉચ્ચારણ સાથે ઈન્દ્રદેવનું આવાહન કરવાથી કુંતીને આ પુત્ર પ્રાપ્ત થયો હતો. બાકીના બે પાંડવો માદ્રી થકી જન્મયા. કુંતીએ મંત્ર માદ્રીને શીખવ્યા બાદ અશ્વિની– કુમારનું આવાહન કરવાનું કહ્યું. આમ, માદ્રીને નકુલ અને સહદેવ એમ બે પુત્રોની પ્રાપ્તિ થઈ. મહાભારતની કથામાં આ પાંચેયનો ઉલ્લેખ કૌરવો તરીકે કરવામાં આવ્યો છે.

# બાળકો તમારી નોટબુકમાં લખી રાખો શું તમે યાકનું નામ સાંભળ્યુ છે. ?


ચમરી ગાય અથવા તો લાંબા લાંબા વાળવાળું કાળા રંગનું ખૂંધ ધરાવતું ગાય કે બળદને મળતું આવતું દુધાળીજાતીનું પાલતું પ્રાણી છે. યાક તિબેટ, દક્ષિણ મધ્ય એશિયાન હિમાલયનાં ક્ષેત્ર તેમજ મંગોલિયામાં જોવા મળે છે. ભારતમાં હિમાચલ પ્રદેશના લાહોલ અને સ્પિતિ તથા કિત્રોર જિલ્લામાં તથા જમ્મુ–કશ્મીરના લડાખ ક્ષેત્રમાં આ પ્રાણી જોવા મળે છે. ગુજરાતીમાં યાક સુરાગાયન નામે પણ ઓળખાય છે. અંગ્રેજીમાં નર અને માદા યાક માટે યાક શબ્દનો જ પ્રયોગ થાય છે પણ જયાં આ પ્રાણી સૌથી વધુ જજોવા મળે છે. એટલે કે તિબેટની સ્થાનિક ભાષા તિબેટમાં યાક શબ્દ નર ના સંદર્ભમાં વપરાય છે જયારે માદાને ડ્રી અથવા નાક થી ઓળખાય છે. યાક મુળ જંગલી પ્રાણી હતુ, પણ એની ઉપયોગિતા ખ્યાલમાં લઈને મનુષ્યએ એને પાલતું બનાવ્યું. જંગલી યાકની ઉંચાઈ આશરે ૨ મીટર હોય છે જાયરે પાળેલા યાકની ઉંચાઈ જંગલી યાક કરતાં લગભગ અડધી હોય છે. બંને વર્ગના યાકના શરીર પર લાંબા લાંબા વાળ હોય છે જે અતિશય ઠંડી સામે પણ એને રક્ષણ આપે છે. યાક બે પ્રકારના હોય છે શીંગડાવાળા તથા શીંગડાવગરના. યાક ત્રણ રંગના જોવા મળે છે કાળા, કાબરચીતરા અને ભૂરા. પાલતું યાક સફેદ રંગના પણ જોવા મળે છેં –

**મોકલનાર : અશોક રામાનંદી**

# મંત્રની શકિત જાણીએ

સ્વામી વીરેશ્વરાનંદ


મંત્ર એટલે શું? આપણા મનને જગતમાંથી ખેંચીને ઈશ્વરનાં ચરણમાં લાવે એનું નામ મંત્ર. આ 'બીજમંત્રો' ફકત શબ્દ કે ધ્વનિ નથી, પણ તેમનામાં શકિત રહેલી છે. 'બીજમંત્રો' કેવળ ધ્વનિ નથી. તેમનામાં ઘણી જ શકિત રહેલી છે. અને તેમા સાધકને તેમા ઈષ્ટદેવનો સાક્ષાત્કાર કરાવવાની પ્રભુપાત્રિ કરાવવાની ક્ષમતા છે. આ બીજમંત્રોના જપમાં તે તે દેવતા ઓના અસલ સ્વરૂપને પ્રગટ કરવાની રકિત રહેલી છે. જયારે બીવને જમીનમાં વાવવામાં આવે છે. ત્યારે માળી જમીનને યોગ્ય રીતે તૈયાર કરે છે, પાણી પાય છે, ખાતર નાખે છે, ઢોરઢાંખર વગેરેથી તેનું રક્ષણ કરે છે, આમ તે બસજ નાના કોમળ છોડ તરીકે પાંગરે છે,યથાસમયે મહાવૃક્ષ બને છે. તેવી જ રીતે અહીં પણ ઈષ્ટદેવના 'બીજમંત્રો' માં જીવન રહેલું છે, ઈષ્ટદેવના દર્શન કરાવવાની શકિત રહેલી છે, તેમ છતાં તે 'બીજમંત્રો'ને ફળીભૂત કરવા માટે સાધનાની આવશ્યકતા છે.




# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧ જયાં સુધી પાપનો ક્ષય ન થાય અને જીવ શુદ્ધ ન થાય,ત્યાં સુધી પ્રભુદર્શન થતાં નથી.
૨ ગૃહસ્થાશ્રમ ભકિતમાં બાધક નથી પણ સાધક છે.
૩ રોજ ત્રણ કલાક નિયમપૂર્વક મારી સેવા સ્મરણ કરશો તો તમને પાપ કરતાં હું અટકાવીશ. એ પ્રભુનું વચન છે.
૪ પાપ કરતાં મનને ખટકો લાગે તો સમજવું કે પ્રભુની સાધારણ કૃપા થય છે. પાપની મા છે મમતા અને બાપ છે લોભ. તેનો ત્યાગ કરજો.
૫ કોયપણ કાર્ય માટે બુદ્ધિ અને શકિત ઈશ્વરની આરાધના કર્યા વગર મળતા નથી.
૬ સંતતિ અને સંપતિ દરેકને પુર્વના પ્રારબ્ધકર્મ અનુસાર મળે છે. તેથી તેમાં મનુષ્યે હર્ષ શોક કરવો નહીં.
૭ અનાસકિત કેળવવી જોઈએ.
૮ આખા જગતને કોઈ રાજી કરી શકયું નથી.
૯ પુણ્ય ભૂલી જાઓ પરંતુ કરેલા પાપને યાદ રાખો.
૧૦ કરેલા સત્કર્મો–પુણ્યો કોઈને કહેશો નહીં.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧ સમ્રાટ અશોકે કેટલા મુખ્ય શિલાલેખો કોતરાવ્યા હતા?–૧૨
૨ મહાકાય કયા ધમનો ગ્રથ છે? – બૌધ
૩ 'ત્રણ સમુદ્રોનાં પાણી પીનાર' તરીકે જાણીતો રાજા કોણ હતો ? – ગૌતમીપુત્ર
૪ ભારતમા ખ્રિસ્તી ધમનો સૌપ્રથમ પ્રચાર કરનાર ખ્રિસ્તી સંત કોણ હતા? – સંતટોમસ
૫ 'મિલિનદ પહનો' નામે ગ્રંથ કયા રાજા અને બૌદ્ર સાધુ વચ્ચેની ધમ ચચાને સ્પશે છે? – મિનેન્દર–નાગસેન
૬ 'બુધ્ધચરિત' ના રચયિતા કોણ છે ? – આશ્વઘોષ
૭ 'ચરકસંહિતા' કઈ વિદ્યાનો ગ્રંથ છે? – આયુવેદ
૮ પતંજલીએ કયાં ગ્રંથની રચના કરેલી છે? – મહાભાષ્ય
૯ વિક્રમસંવતની શરૂઆત કયારથી થઈ ? – ઈ.સ. પૂર્વ ૫૬
૧૦ કયાં રાજાને 'બીજો અશોક' કહે છે ? – કનિષ્ક પહેલો

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા


## મહિમા વધારે તે મહેમાન !

આજના યુગમાં કેફી દ્રવ્યો લેવાનું પ્રમાણ વધતું ચાલ્યું છે, સઅને આવા કેફી દ્રવ્યો અધિકાંશ સંપતિવાન લેતા હોય છે, જે સરવાળે તન–મન–ધન અને કુટુંબની ખાનાખરાબી નોતરે છે.

પણ ન દેખાતા,છતાં લેવાતા કેફી દ્રવ્યો અંગે કદી તપાસ થઈ જ નથી! સંતાનો ઘમંડ, ધનનો મદ, કીર્તિની લાલસા–આ અદષ્ટ કેફી દ્રવ્યોએ ભલભલાને ભૂ પિતા કરી દીધા છે. શ્રેષ્ઠમાંથીભરષ્ઠ કરી દીધા છે. અકવાર આની લત લાગે, પછી પ્રણાતે પણ ન છૂટે! તમામ પ્રકારના કેફી દ્રવ્યોથી સાવધાન!

# ૩–બતક


એક દિવસ ભગવાન અને સંત પિટર નદીકિનારે ફરતા હતા. સંત પિટર ઘણો સમય મૂંગા–મૂંગા ચાલ્યા. પછી એકાએક બોલી ઊઠયા : 'ભગવાન બનવાની કેવી મજા ! જો થોડીક વાર, અરે ! માત્ર અર્ધો દિવસ મને ભગવાન બનાવાનું મળે તો હું કાયમ સંતોષથી જિંદગી ગાળીશ.'આ સાંભળી ભગવાન હસ્યા, પછી કહ્યું : 'જો તારી ખૂબ ઈચ્છા હોય તો તને હું ભગવાન બનાવું. જા, સાંજ સુધી તું ભગવાન બસ !'સંત પિટર ખુશ થઈ ગયા. તેઓ થોડે આગળ ગયા. ત્યાં તેમણે એક ગામડું જોયું. એક છોકરી તેમની દિશામાં આવતી હતી. તેના હાથમાં લાકડી હતી. તેના વડે તે બતકના એક ટોળાને હાંકતી હતી. પછી તેણે બધાં બતકોને બૂમ પાડીને ગભરાવ્યાં અને એક મેદાનમાં છોડીને પોતાના ગામ તરફ પાછી જવા માંડી.સંત પિટરે પૂછયું : 'આ બતકોને




આમ એકલાં અટૂલાં છોડીને તું કયાં જાય છે ?''તો શું એમની સાથે આખો દિવસ રહું ? આજે ઉજાણી છે.''પણ, આ તારાં બતકને સાચવશે કોણ ?''જોયું ને પિટર ! તેં સાંભળ્યું બધું? હવે તું મારી સાથે ગામમાં નહીં આવી શકે. તું સાથે આવ્યો હોત તો મને બહુ ગમત, પણ પછી બતકોને કોઈ ઈજા પહોંચાડશે તો ? સાંજ સુધી તું ભગવાન છે. માટે આ બતકોનું રક્ષણ કરવું તારી ફરજ છે.' એક કહીને ભગવાન ચાલતા થયા, એટલે પિટરને રોકાવું પડયું અને સાંજ સુધી બતકોની સંભાળ રાખવી પડી. પછી સંતર પિટરને ભગવાન બનવાની દચ્છા કયારેય ન થઈ. **આપણે બોલીએ.. જોડકણા**

કીનું, મીનું, ટીનુ હતા. તેને જોડકણા બોલાવતા બોલવા બહુ ગમતા હતા. ત્રણે જોડકણા બોલતા હતા.કીનુંઃ 'સૈયર રમવાને આવો. અમને રમતા ન આવડે. રાધે ગોવિંદ રાધે, શિરાપુરી રાધે, શિરાને તો વાર છે, પૂરીઓ તૈયાર છે. જમે હરગોવિંદ, પીરસે બોળાનાથ.* મીનુંઃ 'ચકી ચોખા ખાંડે છે, પીતાંબર પગલાં પાડે છે. ગણગણ માશલો ને તેલ–તેલ પળી, ઉઠી રે લલિયા જુપડી જુપડી બળી, બળ તી હોય તો બળવા દેજે, થર્ટી હોય તો ઠરવા દેજે, આવરે કાગડા કઢી પીવા.* ટીનુઃ 'ઈટે ઈટે પાણી, ધૂળધૂળ ધાણી. આ દરવાજો ખોલુંગા, છરો લઈને માઢગા. તવડીમાં કાકડા તડતડ થાય, આંસુ વધે ને વહુ ભજિયાં ખાય.* આમ કીનું, મીનું, ટીનુ રોજ સ્કૂલલે થી આવી હોમવર્ક કરતાં–કરતાં જોડકણા બોલતા હતા. હોમવર્ક સાથે સેન્સવર્ક ! મને બોલાવજો હો?* એક ગામમાં એક બેન પોતાના બે–ચાર વર્ષના બાળકોને બહુ ડરાવતા હતા. વાતવાતમાં ધમકાવે, માર મારે ને બોલે : 'જી પરેશ, મમતા તોફાન કરશો ને તો બાવાને બોલાવીશ. તો રાત્રિના સુવડાવતા વખતે બિવડાવતા કહેતા : 'સૂઈ જાવ, નહિ તો અંધારાની માં આવશે. મમતા. સૂઈ જા બાઘડો આવશે.* એક દિવસ પરેશ, મમતા રડતાં હતા. ત્યાં ઘર પાસેથી શંભુ દાદા નીકળ્યા. બંને રડતાં જોઈ તેઓ પરેશ, મમતા પાસેઆવ્યા અને બોલ્યા : 'અરે!મારા બાળૂડા, કેમ રડો છો? હીબકાં બનતા બંને બોલ્યા : 'દાદા, અમારી મમ્મી અમને બહુ બિવડાવે છે.* 'કયા છે તારા મમ્મી ? * 'એ આવી શંભુદાદા * 'કેમ, ભાવના, આ છોકરાઓને ધમકાવે છે, બિવડાવે છે? આવું કૃષ્ણે તો તારા બાળકો ડરપોક થઈ જશે. તું તારા અંકુશ રાખી સકિ નથી અને તારા બાળકોને અંકુશમાં રકવા માંગે છે ?* ભવનના શંભુદાદાના પગમાં પડી ગઈ અને બોલી : 'દાદા, હવે હું ક્યારેય પરેશ–મમતાને ડરાવીશ નહિ.


# સત્ય – કલ્પના અઢીઆ




: સંપાદક :
દેવેન્દ્ર એલ. ત્રિવેદી
(પુનિતપદરજ)


પ્રસાદ કાળમાં સત્યદેવ નામે એક રાજા હતો. તે ખુબ જ દયાળુ, દાની, સત્યવાદી અને સદાચારી હતો. તેના સમયમાં પ્રજા ખૂબ જ સુખ અને શાંતિથી રહેતી હતી. એક દિવસ પ્રાતઃકાળે સત્યદેવ ઉઠયો. તેણે પોતાના મહેલમાંથી એક સુંદર સ્ત્રીને બહાર નીકળતી જોઈ. રાજાને આશ્ચર્ય થયું. તેણે પેલી સ્ત્રીને પૂછયં : 'આપ કોણ છો?' તે સ્ત્રીએ જવાબ આપ્યો : 'મારું નામ લક્ષ્મી છે. હું હવે તારા ધરમાંથી જવા માગું છું ' રાજાએ કહ્યું : 'રાજાએ કહ્યું : 'આપ જઈ શકો છો.' થોડીવારે એક સુંદર પુરુષ મહેલમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછયું : 'આપ કોણ છો ?' તે પુરુષે જવાબ આપ્યો : 'મારું નામ દાન. લક્ષ્મી અત્રેથી ચાલી ગઈ એટલે તમે દાન કયાંથી કરી શકશો ? એટલે લક્ષ્મી સાથે હું પણ જાઉ છું.' રાજાએ કહ્યું : 'તમે જઈ શકો છો.'થોડી વારે બીજો એક પુરુષ મહેલમાંથી બહાર નીકળ્યો. રાજાએ પૂછયું : 'તમારું નામ ?' પુરુષે જવાબ આપ્યો : 'મારું નામ સદાચાર. તમારે ત્યાંથી લક્ષ્મી અને દાન ચાલ્યાં ગયાં, તેથી હું પણ જાઉ છું.' રાજાએ કહ્યું : 'ઠીક, આપ પણ જઈ શકો છો.'ત્યાર બાદ એક ત્રીજો પુરુષ બહાર નીકળ્યો. સત્યદેવે પૂછયું : 'આપ કોણ છો ?' તે પુરુષે જવાબ આપ્યો : 'મારું નામ યશ છે. તમારે ત્યાંથી ત્યાંથી લક્ષ્મી, દાન અને સદાચાર ચાલ્યા ગયા, તો એ ત્રણે વિના હું અત્રે કેવી રીતે રહી શકું ?' સત્યદેવે કહ્યું : 'ઠીક, આપ પણ જઈ શકો.'

તે પછી થોડી વારે એક સુંદર યુવાન પુરુષ બહાર નીકળ્યો. રાજાએ પૂછયું : 'તમારું નામ શું ? તમે કોણ છો ?' તે યુવાન પુરુષે જવાબ આપ્યો : 'મારું નામ સત્ય. તારા ઘરમાંથી લક્ષ્મી, દાન, સદાચાર, યશ ચાલ્યાં ગયાં તો હું પણ તેઓની સાથે જઈશ.' સત્યદેવે કહ્યું : 'મેં તમને કોઈ દિવસ છોડયા નથી. તમે મને શા માટે છોડીને જાવ છો ? અરે, તમારે માટે મેં લક્ષ્મી, યશ વગેરેનો ત્યાગ કર્યો. તમને હું નહી જવા દઉં. તમે જાવ તો મારું સર્વસ્વ જાય.' સત્ય ન ગયું. લક્ષ્મી, દાન, સદાચાર, યશ બહાર ગયેલાં. તેઓએ સત્યની રાહ જોઈ. સત્ય ન આવ્યું એટલે તેઓ બધાં પાછાં રાજાપાસે આવ્યાં. સત્ય એ જ સર્વસ્વ છે.**કાણા પૂરો –રવિશંકર મહારાજ** : એક ખેડુતની વાત છે. શરીરે લઠ. ઘેર બે બહુ સારા બળદ રાખે. જમીન પણ સારી. સવારે વહેલો ઉઠી બળદ લઈ કૂવે જાય. આખો દિવસ કોસ હાંકે, પણ સાંજે જઈને જુએ તો કયારામાં પાણીજ પહોંચ્યું ન હોય! કેમ કે કોસ કાણો હતો. બહુ દોડધામ કરે, પણ ભરેલો કોસ થાળામાં આવતા આવતા તો કાણાં વાટે ચુઈ જાય. સાંજ પડતા ખેડુત ને બળદ થાકીને લોથપોથ થઈ જાય. ત્યારે કરવું શું ? ખેડુતે દીડધામ કરવી કે કાણાં પુરવાં ? દેખીતી વાત છે કે જયાં સુધી કોસ કાણો હોય ત્યાં સુધી બળદ ને ઉતાવળા હાંકવાનો કશો જ અર્થ નથી. કાણાં પુરવામા આવે, તો જ કોશ ભરેલો આવે ને ખેતરમાં પાણી પહોંચે. આજે આપણી દશા આ ખેડુત જેવી છે. આપણી આવકનેય કાણાં પડયાં છે. એટલે મહેનત કરીને મેળવેલું ચા, બીડી, પાનસોપારી, વગેરે વ્યસનો તથા મોજશોખમાં વ્યર્થ વપરાય જાય છે. સુખી થવું હોય અને શાંતિથી જીવવું હોય, તો વ્યસનો અને મોજશોખના ખોટા ખર્ચમાંથી બચવું જોઈએ. કઈ ચીજો ખરેખર જરૂરી છે અને કઈ બીલકુલ જરૂરી બીનજરૂરી છે, તેનુ આપણને જ્ઞાન હોવું જોઈએ. આમ થશે તો જ કાણાં પુરાશે, અને આપણી મહેનત નાહક ઢોળાઈ જતી અટકશે. નહીં તો બળદિયા જેમ કોસ ખેંચ્યે રાખીશું પણ પાણી ભેળા નહીં થઈએ.




ગોહિલ નિષિત નરેશભાઈ
(ધો.૭ – અમરેલી)

# આ મારું ચિત્ર છે



ખોખર ફેજાન આઈ.
(ધોરણ–૭ )



બોરીચા સિધ્ધાર્થ
(ધોરણ –૮– અમરેલી)



ખુમાણ જેની જગદીશભાઈ
(ધોરણ –૭– પી.એન.વોહરા વિદ્યાનીકેતન પ્રા.શાળા અમરેલી. )

# લાઠીનાં નારણગઢમાં ભાજપનાં ઉમેદવારનાં સમર્થનમાં સામાજીક સંવાદ કાર્યક્રમ યોજાયો



લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ના સમર્થનમાં ધારાસભ્ય જનકભાઈ તળાવીયાની આગેવાનીમાં લાઠીના નારણગઢ ગામે ભાજપના દિલીપભાઈ સંઘાણી, વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, અશ્વિનભાઈ સાવલિયા, વિધાન સભાના સંયોજક જીતુભાઈ ડેરની ખાસ ઉપસ્થિત અને નારણગઢ ગામના રાજપૂત સમાજના અગ્રણી રામદેવભાઈ પરમારના યજમાનપદે સામાજીક સેવા કાર્યક્રમ યોજાયો. આ સામાજીક સંવાદ કાર્યક્રમ મા તાજપર, કાંચરડી, મેમદા, ભુરખિયા, ભટ્ટવદર સહિતના ગામો માંથી આગેવાનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ સભાને ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, લાઠીના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, જીતુભાઈ ડેર, જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ રાજુભાઈ ભૂતૈયાં દ્વારા સંબોધન કરવામાં આવ્યું હતું. અને અમરેલી લોકસભાના ઉમેદવાર ભરતભાઈ સુતરીયા ને પાંચ લાખથી વધુ મતોની લીડથી વિજય બનાવવા અપીલ કરવામાં આવી હતી. આ તકે જીલ્લા ભાજપ ના હોદેદારો, તાલુકા ભાજપ સંગઠન ના પ્રમુખ, મહામંત્રી, ઉપ્રમુખ સહિત તાલુકા ભાજપ સંગઠનના હોદ્દેદારો, બક્ષીપંચ મોરચાના પ્રમુખ સહિતના હોદેદારો, રાજપૂત સમાજના તમામ અગ્રણીઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, તમામ મોરચા સેલના હોદેદારો, ગ્રામ પંચાયતના સરપંચઓ, તેમજ સદસ્યો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## રાજુલા પંથકનો વિકાસ કરવામાં

આવનાર સમયમાં આ વિસ્તારમાં કોંગ્રેસની કેન્દ્રમાં સરકાર આવે ત્યારે રેલ્વે પર કામ થાય તેવા અમારા પ્રયાસો રહેશે.

આ તકે જિલ્લા પંચાયત વિપક્ષ નેતા જે.ડી. કાછડે જણાવ્યુ કે, બહેનો પણ ઘરે બેઠા મદદરૂપ થઈ શકે તે માટે ગૃહ ઉદ્યોગોન પ્રોત્સાહન આપવુ જોઈએ, રત્ન કલાકારોને હાલ હિરા ઉદ્યોગની મંદિના કારણે કફોડી હાલતમાંછે ત્યારે રત્નકલાકાર નિગમ બનાવી અને તેમને મદદરૂપ થવાની સરકાર કાર્યવાહી કરે તેવી અમારી માંગણી છે.

રાજુલા તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગારાંધાઈ હડીયાએ જણાવ્યુ કે, કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધીએ ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે, ૨૫ વર્ષથી ઓછી ઉંમરના યુવાનો ગ્રેન્જયુએટ અને ડીપ્લોમાં ડીગ્રી ધારકોને એપ્રેન્ટીશ એકટ મુજબ ૧ વર્ષ સુધી રૂા. ૧ લાખ આપવામાં અવશે અને અગ્નિપથ યોજનામાં ૪ વર્ષની નોકરી આપવામાં આવે છે તે પુનઃ જુની પધ્ધતી મુજબ કરવામાં આવશે. સરકારી નોકરીઓમાં પેપર લીક થાય તેની સામે સખત કાયદો, **ખેડૂતો :** ખેડૂતો માટે જણસીના ભાવની મીનીમમ ગેરંટી એટલે એમ.એસ.પી.ની કાનુંની ગેરંટી, ખેડૂતોનું દેવા માફી, ખેડૂતો નું બિયારણ, દવા અને ખેતીના સંસાધનોમાં જી.એસ.ટી.માંથી મુકિત, **બહેનો માટે :** ગરીબ પરિવારની મુખ્ય બહેનને વાર્ષિક રૂા.૧ લાખ અને સરકારી નોકરીમાં ૫૦% આરક્ષણ, **મજુરો માટે :** મનરેગા અંતર્ગત થતા રાહત કામોમાં રૂા. ૪૦૦ સુધી રોજી કરવામાં આવશે., જોમેટો, સ્વીગી, કુરીયર જેવી કંપનીમાં કામ કરવા વાળા લોકોને સામાજિક સુરક્ષા આપવામાં આવશે અને રૂા. ૨૫ લાખ સુધી આરોગ્ય સેવાઓ અને દવા આપવામાં આવશે. **ન્યાય :** આર્થિક અને જાતીગત જન સંખ્યા ગણના થશે. જલ–જંગલ–જમીન કાનૂની હક વન અધિકારવાળા કાનુન ૧ વર્ષમાં ફેસલો, વન અધિકાર અધિનિયમ લાગુ કરવામાં આવશે. આદિવાસી બહુમતિવાળા વિસ્તારોમાં અધસિુચિત થાશે.

આ તકે જેનીબેન ઠુમ્મર સાથે રાજુલાના પ્રવાસે જિલ્લા પંચાયત વિપક્ષ નેતા જે.ડી. કાછડ, પૂર્વ બાંધકામ સમિતી ચેરમેન ટીકુભાઈ વરૂ, તાલુકા કોંગ્રેસ પ્રમુખ ગાગાંભાઈ હડીયા, શિવાભાઈ વાઘ, આતાભાઈ, અબ્દુલભાઈ, મગનભાઈ, રાજુભાઈ, ખીમભાઈ કળસરીયા, ભરતભાઈ, અબ્દુલભાઈ સલોત, દિપકદાદા, રવીભાઈ, જીકારભાઈ, ગાંડાઆતા, ભગવાનભાઈ, સનાભાઈ સહિત વિશાળ સંખ્યામાં ઈન્ડીયા ગઠબંધન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના આગેવાનો જોડાયા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી સાયબર ક્રાઈમનાં

પોલીસ સબ ઈન્સ્પેકટર જે.એમ. કડછા દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા જરૂરી ટીમ બનાવી કામગીરી હાથ ધરી નાગરીકોના નાણાં પરત અપાવવાની કામગીરી કરવામાં આવેલ હતી.

અમરેલી જીલ્લાના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ગત વર્ષ ૨૦૨૩ દરમ્યાન અલગ અલગ નાગરીકોની સાથે સાયબર ક્રાઈમ નાણાકીય ફ્રોડની અરજીઓ આવેલ હોય. આ સાયબર ક્રાઈમ નાણાકીય ફ્રોડ જેવા કે, સ્ક્રીન શેરિંગ એપ દ્વારા ફ્રોડ, આ.ટી.પી. ફ્રોડ, કસ્ટમર કેર નંબર ફ્રોડ, શિપિંગ શુલ્ક ફ્રોડ, આર્મીમેનનું ખોટુ નામ ધારણ કરી કરેલ ફ્રોડ હોય. આ નાગરીકોએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન અમરેલી દ્વારા ફેલાવવામાં આવતી જાગૃતીના લીધે, તાત્કાલિક તેમની ફરીયાદ સાયબર ક્રાઈમ હેલ્પ લાઈન નંબર–૧૯૩૦ પર કરેલ હોય. જેઅનુસંધાને સી.આઈ.ડી ક્રાઈમ, ગાંધીનગર દ્વારા ફ્રોડ કરનાર આરોપીઓના બેંક એકાઉન્ટ ફ્રીઝ કરવામાં આવેલ હતા. જે આરોપીઓના બેંક એકાઉન્ટમાં હોલ્ડ થયેલ રકમ પરત મેળવવા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી દ્વારા અરજદારને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવેલ. ત્યાર બાદ, કોર્ટ તથા વિવિધ બેંકોના અધિકારીઓના સહયોગથી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા આ અરજીઓ અંગે તાત્કાલીક જીણવટભરી તપાસ કરી અને અરજદારોના નાણા પરત અપાવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવેલ હતી. આમ, સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, અમરેલી દ્વારા કુલ ૯૩ અરજદારોના બેંક એકાઉન્ટ માંથી ગયેલ ૧૦૦% રકમ પરત અપાવી અને કુલ રૂ.૨૩, ૩૦,૪૭૪ પરત અપાવવાની કામગીરી કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## લાઠીનાં અકાળા ગામનાં

રૂપિયા ૫,૬૬,૩૮૫ નો માલ ફોન મારફતે મંગાવી માલ બારોબાર પ્રથમ અમરેલી ખાતે ૫૫ ડબ્બાની તથા સુરત ખાતે અલગ અલગ ત્રણ જગ્યાએ કુલ–૧૨૬ ડબ્બાની ડીલેવરી કરાવી વેપારીને ડીલેવરી બાદ પેમેન્ટ આર.ટી.જી.એસ. કરવાનું કહી બાદમાં વેપારીએ અવાર–નવાર પૈસાની ઉઘરાણી કરવા છતાં સિંગતેલના ડબા નંગ–૧૮૧ ટેક્ષ સહિત કુલ રૂા. ૫,૬૬,૩૮૫ના પૈસા ન ચુકવી વેપારી સાથે આરોપીએ વિસઘાત તથા ઠગાઈ કર્યાની પોલીસમાં નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સુરત લોકસભા બેઠકનાં

શકો અનેતમારો પક્ષ રજૂ કરી શકો તે માટે શિસ્ત સમિતિએ તમને સમય આપ્યો હતો. તમો નાટ્યાત્મક રીતે ગાયબ છો અને તમે કોઈપણ જાતનો તમારા પક્ષે ખુલાસો કરેલ નથી, જેથી પક્ષે છ વર્ષ માટે સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે.

તમાઢં ફોર્મ રદ્દ થવું એ અત્યંત કમનસીબ ઘટના છે. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીએ તમામ તંત્રનો દુઢપયોગ કરીને અન્ય પક્ષના ઉમેદવારને લોભ, લાલચ, ભય અને ત્રાસ આપીને બધા જ ફોર્મ પરત ખેંચાવી લઈને લોકશાહીની હત્યા કરી છે. મતદાતાને ચૂંટણી સમયે મત આપવાનો એક પવિત્ર અધિકાર છે. સુરતમાં બનેલ ઘટનાથી લોકોના મત આપવાના અધિકાર ઉપર ભારતીય જનતા પાર્ટી દ્વારા તરાપ મારવામાં આવી છે અને લોકશાહીના ઈતિહાસમાં આ ઘટના કલંકિત રીતે કાળા અક્ષરમાં લખાશે. ૧૮ વર્ષની ઉંમરનો થયેલ યુવા મતદાર પ્રથમ વખત લોકશાહીના મહાપર્વ ચૂંટણીમાં મતદાન કરવા થનગની રહ્યો હતો તેને પણ હતાશા પ્રાપ્ત થઈ છે. આ પ્રકારની પરિસ્થિતિ એ અત્યંત શરમજનક ઘટના છે. સુરતના લોકો તેમજ કોંગ્રેસના કાર્યકર્તાઓમાં ભારે રોષ ફાટી નીકળ્યો છે અને સોશિયલ મીડિયાથી લઈને તમામ સ્થળોએ તમારી સામે ભયંકર રોષ લોકો ઠાલવી રહ્યા છે. આથી, આપને છ વર્ષ માટે પક્ષમાંથી સસ્પેન્ડ કરવાનો શિસ્ત સમિતિએ નિર્ણય લીધેલો છે.

પાના ૧ ઉપરનું ચાલું
## લીલીયાનાં હરિપર ગામે

વૃધ્ધગતતા. ૨૪ના બપોરના આશરે સવા ચારેક વાગ્યે પોતાના ઘરના ફળીયામાં આવેલ રાણના ઝાડ ઉપર રાણ પાડવા ચડેલ અને આ ઝાડની ડાળી ઉપરથી પગ લપસતા વૃધ્ધ નીચે જમીન ઉપર પડતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડાયેલ. જયાં સારવાર દરમ્યાન ફરજ પરના તબીબે વૃધ્ધને મરણ ગયાનું જાહેર કરેલ હતું.

પાના ૮ ઉપરનું ચાલું
## જ્ઞાતિ, જાતિનાં ચક્રવ્યુહમાં

રહ્યો છે અને ભલા માણસ આજે જે વ્યકિત ભૂખ્યા છે તેમેન કહો કે ૩ મહિના પછી તને સારૂ ભોજન આપીશ તેનો શું મત્તલબ છે તે સમજાતું નથી.

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં પાંચ વર્ષનાં શાસનમાં સરપંચથી સાંસદ સુધીનાં મોટાભાગનાં પ્રતિનિધિઓની સંપત્તિમાં તોતિંગ વધારો થઈ જાય છે અને તેને પ્રતિનિધિ બનાવનાર જનતાની સમસ્યા ઘટવાને બદલે વધી રહી છે.

આજે દેશમાં ૧૪૫ કરોડમાંથી ૧૦૦ કરોડ દેશવાસીઓ ઘરનું ગુજરાન ચલાવવા માટે ભારે સંઘર્ષ કરી રહ્યા છે. તેવા સમયે જનપ્રતિનિધિઓ આલીશાન કાર, ફાર્મ હાઉસ અને બંગ્લાઓમાં જીવન પસાર કરતાં જોવા મળી રહ્યા છે અને જનતા પુનઃ બાદ પુનઃ તેઓને ધારાસભ્ય કે સાંસદ બનાવીને પ્રોત્સાહન આપતી જોવા મળે છે.

ભારત દેશ એ વિશ્વની સૌથી મોટી લોકશાહી ધરાવતો દેશ છે. દેશની માલીક ખરા અર્થમાં જનતા છે બાકીનાં બધા જનપ્રતિનિધિઓ કે જનસેવકો છે પરંતુ માલીક આજે દયામણી હાલતમાં અને તેમના પ્રતિનિધિઓ અને સેવકો મોજેમોજ કરતાં જોવા મળે છે.

દેશવાસીઓએ સરપંચથી લઈને સાંસદની ચૂંટણીમાં સમજી–વિચારીને મતદાન કરવું જોઈએ. જ્ઞાતિ–જાતિને તો ભુલવી જરૂરી છે નહી તો જનતાની સમસ્યા કયારેય દૂર થવાની નથી તે હકીકત છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૮૬ | ૧૨૩૨ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૨૦૫ |
| ૩ | શીંગદાણા ફાડા | ૧૪૯૬ | ૧૫૪૭ |
| ૪ | તલ સફેદ | ૧૭૧૭ | ૨૭૨૧ |
| ૫ | તલ કાળા | ૧૫૦૦ | ૨૯૫૧ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૧૩૧ | ૩૨૧૧ |
| ૭ | બાજરો | ૩૩૩ | ૪૯૭ |
| ૮ | જુવાર | ૪૪૨ | ૭૯૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૬૩૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૪૨ | ૫૬૯ |
| ૧૧ | ચણા | ૧૦૦૫ | ૧૨૨૬ |
| ૧૨ | ચણા દેશી | ૧૨૮૦ | ૧૪૩૮ |
| ૧૩ | તુવેર | ૧૪૦૦ | ૨૧૮૦ |
| ૧૪ | કપાસ | ૧૦૧૭ | ૧૫૧૮ |
| ૧૫ | એરંડા | ૯૧૯ | ૧૦૭૩ |
| ૧૬ | જીરૂ | ૨૧૫૦ | ૪૫૦૦ |
| ૧૭ | રાય | ૯૦૦ | ૧૦૮૦ |
| ૧૮ | ઈસબગુલ | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૯ | ધાણા | ૧૧૮૦ | ૧૭૫૦ |
| ૨૦ | ધાણી | ૧૨૨૦ | ૨૦૦૦ |
| ૨૧ | મેથી | ૭૭૫ | ૯૯૦ |
| ૨૨ | સોયાબીન | ૬૭૫ | ૮૬૭ |
| ૨૩ | મરચા લાંબા | ૬૫૦ | ૨૯૦૦ |
| ૨૪ | કાંગ | ૮૦૦ | ૯૭૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૫૨ | ૧૫૦૮ |
| ૨ | મગફળી | ૧૧૩૪ | ૧૧૫૬ |
| ૩ | ચણા | ૧૧૫૪ | ૧૨૩૦ |
| ૪ | જીરૂ | ૩૭૩૫ | ૪૨૭૫ |
| ૫ | ઘઉં | ૪૪૯ | ૫૪૧ |
| ૬ | ધાણા | ૧૪૯૦ | ૧૫૩૦ |
| ૭ | મેથી | ૯૫૪ | ૯૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૧૪ | ૧૨૪૧ |
| ૨ | શીંગ મોટી | ૯૦૦ | ૧૨૬૩ |
| ૩ | શીંગ નવી | ૧૧૭૬ | ૧૩૨૫ |
| ૪ | તલ સફેદ | ૨૬૦૦ | ૨૭૫૦ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૪૩૭૫ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૪૦ | ૫૩૨ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૭૧ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૫૫૦ | ૮૦૨ |
| ૧૧ | મગ | ૧૯૨૪ | ૨૦૦૮ |
| ૧૨ | અડદ | ૧૯૨૬ | – |
| ૧૩ | ચણા | ૧૧૨૦ | ૧૨૪૫ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૩૦ | ૧૩૫૦ |
| ૧૫ | તુવેર | ૧૫૦૦ | ૨૧૪૦ |
| ૧૬ | એરંડી | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ૧૭ | મેથી | ૮૫૦ | ૧૧૦૦ |
| ૧૮ | ધાણા | ૧૧૦૦ | ૧૩૦૧ |
| ૧૯ | સોયાબીન | ૮૫૩ | ૮૬૯ |
| ૨૦ | મકાઈ | ૪૪૫ | – |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૭૫ | ૧૩૫૧ |
| ૨ | મગફળી | ૯૦૬ | ૧૧૦૦ |
| ૩ | ઘઉં | ૪૦૧ | ૫૫૦ |
| ૪ | ચણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ૫ | ધાણા | ૧૧૧૫ | ૧૪૦૦ |
| ૬ | એરંડા | ૮૮૯ | ૧૦૭૭ |
| ૭ | જીરૂ | ૨૦૧૦ | ૪૧૦૦ |
| ૮ | મેથી | ૮૩૦ | ૯૦૦ |
| ૯ | મકાઈ | ૪૪૧ | ૪૬૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૫૧ |
| ૨ | ચણા | ૧૦૧૫ | ૧૨૩૧ |
| ૩ | ધાણી | ૧૨૮૨ | ૧૩૭૧ |
| ૪ | જીરૂ | ૧૮૦૦ | ૨૧૦૦ |
| ૫ | ઘઉં લોકવન | ૩૬૦ | ૫૧૧ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૫૧૯ |
| ૭ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૮ | રાય | ૯૭૦ | ૯૭૦ |
| ૯ | મેથી | ૯૦૦ | ૯૨૫ |
| ૧૦ | તુવેર | ૧૭૧૫ | ૧૭૧૫ |
| ૧૧ | સોયાબીન | ૮૧૫ | ૮૧૫ |
| ૧૨ | રાયડો | ૮૦૪ | ૯૦૯ |
| ૧૩ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૦ |


સંકુલ KG થી ધો. ૫ કન્યા કુમાર – બન્ને મિડીયમ પ્રવેશ
ઈંગ્લીશ મિડીયમ સવાર – ગુજરાતી મિડીયમ બપોર
★ ડેઈલી ફ્રી નાસ્તો – અધ્યતન વર્ગખંડ – સેપરેટ કમ્પાઉન્ડ – વ્યાજબી ફીઝ
★ KG થી ધો. ૫ – All સ્ટાફ BA-B.Ed. ઈંગ્લીશ અથવા B.Sc.-B.Ed.
★ ત્રિ માસિક – છ માસિક – નવ માસિક – વાર્ષિક પરિક્ષા – ધો. ૧ થી ૫ ડેઈલી ટેસ્ટ
★ ખેલકૂદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31st ની સ્પર્ધાઓ
★ હાફ ડે પીકનીક – વન ડે ટુર – સેમીનાર – DG-RG-IG – ઈ લર્નિંગ – ડેમોલેબ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ: – શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ -Ad012


## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૦૦ | ૧૧૧૧ |
| ૨ | તલ સફેદ | ૨૩૩૦ | ૨૭૫૮ |
| ૩ | કપાસ | ૧૦૦૦ | ૧૪૭૨ |
| ૪ | બાજરો | ૪૭૦ | ૫૬૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૨૯ |
| ૬ | જુવાર | ૪૩૬ | ૮૭૦ |
| ૭ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | મેથી | ૧૦૩૦ | ૧૧૦૧ |
| ૯ | સુવા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૧૦ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૨૦૯ |
| ૧૨ | જીરૂ | ૪૦૦૦ | ૪૦૦૦ |
| ૧૩ | એરંડી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૪ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૫ | રાજગરો | ૧૭૦૧ | ૧૭૦૧ |
| ૧૬ | સોયાબીન | ૮૩૧ | ૮૩૧ |

# અમરેલી લોકસભા મતવિસ્તારમાં મતદાન મથકો પર ફરજ બજાવનાર માઈક્રો ઓબ્ઝર્વરની તાલીમ યોજાઈ



૧૪–અમરેલી લોકસભા મતસ્તિામાં સમાવિષ્ટ વિવિધ મતદાન મથકો પર ચૂંટણી ફરજ બજાવનાર માઈક્રો ઓબ્ઝર્વર્સનો તાલીમ વર્ગ અમરેલી ખાતે યોજાયો હતો. જનરલ ઓબ્ઝર્વર એમ.કે. દ્રાબુ અને અમરેલી જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયના અધ્યક્ષ સ્થાને લાઠી રોડ સ્થિત મેડિકલ કોલેજમાં યોજાયેલી તાલીમમાં, માસ્ટર ટ્રેઈનર્સ અને ચૂંટણી પ્રક્રિયાના તાલીમ નોડલ અધિકારીએ, ભારતના ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ ચૂંટણી ફરજ પરના વિવિધ અધિકારી–કર્મચારીઓએ બજાવવાની ફરજ અને જવાબદારીઓથી તાલીમાર્થીઓને વાકેફ કર્યા હતા. તાલીમ પ્રક્રિયા દરમિયાન જિલ્લા ચૂંટણી અધિકારી અજય દહિયાએ તાલીમાર્થીઓની વિવિધ પ્રશ્નોતરી ઓના જવાબ આપ્યા. આ પ્રસંગે જનરલ ઓબ્ઝર્વર એમ.કે. દ્રાબુએ કહ્યું કે, માઈક્રો ઓબ્ઝર્વર્સને ઝીણવટભરી તાલીમ આપવામાં આવી છે, જે મતદાન પ્રક્રિયા દરમિયાન તેમને ઘણી ઉપયોગી નીવડશે. માઈક્રો ઓબ્ઝર્વર્સ એ ચૂંટણીપંચની મતદાન પ્રક્રિયાના આંખ અને કાન સમાન છે. તેમણે માઈક્રો ઓબ્ઝર્વર્સને સુચારુ અને સફળ મતદાન પ્રક્રિયાની કામગીરીઓ સુપેરે પાર પાડવાની તૈયારીઓ અને કામગીરી સુપેરે પાર પાડવાની તૈયારીઓ અને કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર તાલીમ પ્રક્રિયામાં ચૂંટણી તાલીમ નોડલ અધિકારી પૂજાબેન જોટાણીયા, મદદનીશ ચૂંટણી અધિકારી અને લાઠી–બાબરા પ્રાંત અધિકારી બ્રહ્મભટ્ટ, માસ્ટર ટ્રેઈનર સી.પી. ગોંડલીયાએ ચૂંટણી કામગીરી માટે ધ્યાનમાં રાખવાની બાબતો, માઈક્રો ઓબ્ઝર્વરની ચૂંટણીલક્ષી ફરજ અને કામગીરી અંગે વિગતો આપી હતી. મતદાન પ્રક્રિયા દરમિયાન આવતા પ્રશ્નોની પણ સમજ અને માર્ગદર્શન મોક પોલ દ્વારા પૂરા પાડવામાં આવ્યા હતા. આ તાલીમમાં, અમરેલી નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સકસેના, મદદનીશ ચૂંટણી અધિકારી અને અમરેલી–વડીયા–કુંકાવાવ પ્રાંત અધિકારી નાકિયા, જનરલ ઓબ્ઝર્વરના લાઈઝન અધિકારી અને જિલ્લા આંકડા અધિકારી ગોહિલ, જિલ્લા ચૂંટણી તંત્રના અધિકારી અને કર્મચારીઓ અને ચૂંટણી ફરજ પરના માઈક્રો ઓબ્ઝર્વર્સ સહિતના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કેન્દ્ર અને રાજય સરકારે કરેલ વિકાસ કાર્યોથી મતદારોને માહિતગાર કર્યા

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારમાં ભાજપની તરફેણમાં પ્રચાર કરતાં ધારાસભ્ય કસવાલા

દેશના વિકાસ માટે ભાજપનાં લોકસભાનાં ઉમેદવાર ભરત સુતરીયાને વિજેતા બનાવવાની હાંકલ કરી

કેરાળા, ધાર, મોલડી, અમૃતવેલ, ખડકાળા, બોરાળા, સીમરણ સહિતનાં ગામોનો પ્રવાસ કર્યો

સાવરકુંડલા યાર્ડનાં ચેરમેન દીપક માલાણી સહિતનાં આગેવાનો પણ પ્રચાર કાર્યમાં જોડાયા

જિલ્લાનાં શહેરી અને ગ્રામ્ય બંને વિસ્તારમાં ભાજપ તરફી માહોલ જામી રહયો છે



અમરેલી, તા. ૨૬

અમરેલી લોકસભાના ભાજપના ઉમેદવારની પ્રચંડ જીત માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા અનેક નાના મોટા કાર્યક્રમો થઈ રહયા છે ત્યારે સાવરકુંડલા તાલુકાના જુદા જુદા ગામોમા પ્રદેશ ભાજપ મંત્રી અને સાવરકુંડલાના ધારાસભ્યશ્રી મહેશ કસવાલા દ્વારા કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભુપેન્દ્રભાઈ પટેલની સરકાર દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાની જાણકારી આપી તેમજ આગામી ૨૦૪૭માં ભારત દેશ વિકસીત બને તેના મુદ્દાઓ વિશે સમજણ આપી ભાજપ તરફી મતદાન કરવા હાંકલ કરી હતી. સાવરકુંડલા તાલુકાના કેરાળા, ધાર, મોલડી, અમૃતવેલ, ખડકાળા, બોરાળા, નાનાભમોદ્રા, સિમરણ, કરજાળા ગામોમાં ગામના આગેવાનો, સરપંચઓ, ગ્રામ પંચાયતના સભ્યો અને ગ્રામ જનો સાથે ચૂંટણી લક્ષી મિટીંગો કરી કેન્દ્રની મોદી સરકાર અને રાજયની ભુપેન્દ્ર પટેલની સરકારની કરેલા વિકાસના મુદ્દાઓ વિશે ચર્ચા કરી લોકસભા ચુંટણીમાં ભાજપના ઉમેદવાર ભરત સુતરીયાને જીતાડવા અપીલ ધારાસભ્ય કસવાલાએ કરેલ હતી આ મિર્ટીંગોમાં માર્કેટયાર્ડના ચેરમેન દિપકભાઈ માલાણી, તાલુકા ભાજપના પ્રમુખ જીવનભાઈ વેકરીયા, તાલુકા પંચાયતના સદસ્ય રસીકભાઈ ચાંદગઢીયા, ભાજપ અગ્રણીશ્રી મનુભાઈ ડાવરા, લલીતભાઈ બાળધા,સરપંચો સહીતના આગેવાનો આ મિટીંગોમાં જોડાયા હતા.

## રાજુલા આરોગ્ય વિભાગ દ્વારા વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી



રાજુલા, તા. ૨૬

મેલેરીયા મુક્ત ગુજરાતના ઉદેશને સાકાર કરવા માટે જીલ્લા આરોગ્ય અધિકારી ડો.રશ્મિકાંત જોષી અને જીલ્લા મેલેરીયા અધિકારી ડા.અઢણ કુમાર સિંઘના માર્ગદર્શન હેઠળ તાલુકા હેલ્થ કચેરી રાજુલા તળેના ગ્રામ્ય અને શહેરી આરોગ્ય સ્ટાફ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વે, શાળાઓમા આરોગ્ય શિક્ષણ અને જનજાગૃતિ રેલી દ્વારા વધુ સમાન વિશ્વ માટે મેલેરીયા સામેની લડાઈને વધુ વેગ આપી એના થીમ પર ૨૫ એપ્રિલના રોજ વિશ્વ મેલેરીયા દિવસની ઉજવણી કરવામાં આવી.રાજુલા તાલુકાના ગામડાઓમા મેલેરીયા અટકાયતી પગલાં રૂપે લોકજાગૃતિ દ્વારા મચ્છરનુ જીવન ચક્ર, લાઈવ ડેમોસ્ટ્રેશન, જૂથ ચર્ચા, સોર્સ રીડકશન અને પોરાનાશક કામગીરી તેમજ પાણીમાં ગપ્પી માછલીઓ મુકવામાં આવી રહી છે અને આરોગ્ય સ્ટાફ દ્વારાશાળાઓમા વિદ્યાર્થીઓને મેલેરિયાનુ આરોગ્ય શિક્ષણ, તેના અટકાયતી પગલા, પ્રાથમિક નિદાન અને સારવાર વિશેની સમજણ આપવામાં આવી રહી હોવાનુ તાલુકા હેલ્થ ઓફિસર ડા.એન.વી. કલસરીયા અને સુપરવાઈઝર સંજયભાઈ દવે દ્વારા જણાવેલ.

મેલેરિયાનુ નિદાન સરકારી દવાખાનામાં વિનામૂલ્યે ઉપલબ્ધ હોવાનુ અને રાજુલા તાલુકામાં મેલેરિયાના કેસોને ડામવા માટે આરોગ્ય સ્ટાફ દ્વારા જનજાગૃતિ રેલી તેમજ ઘરે ઘરે સર્વે કરી મચ્છરના ઉત્પતિ સ્થાનો નાશ કરવા માટેની કવાયત તાલુકાના સુપરવાઈઝર એન.કે. જોગદીયા, ભનુભાઈ લાડુમોર, મલયભાઈ પંડયા,પી.ડી. ચૌહાણ અને નજુભાઈ કોટીલાની દેખરેખ હેઠળ કામગીરી કરાઈ રહી છે.

જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા વાહકજન્ય રોગનિયંત્રણ કામગીરી ૨૨ એપ્રિલ થી ૩૦ એપ્રિલ દરમિયાન ખાસ ઝુંબેશ ઉપાડી આ રોગને નાથવા અને લોકજાગૃતિ માટે વિશિષ્ટ કામગીરી કરવા માટેના પ્રયાસો જીલ્લા મેલેરીયા અધિકારી ડો.અઢણ કુમાર સિંઘની સૂચના અનુસાર શિલ્પાબેન, વનરાભાઈ, જતીનભાઈ, જયેશભાઈ અને બુહાભાઈ સહિતની આરોગ્ય ટીમ દ્વારા કરવામાં આવી રહ્યા છે.

## ભૈ વાહ : દામનગર પાલિકાનાં શાસકોએ આકરી ગરમીમાં વૃક્ષોને પાણી આપવાનું શરૂ કર્યુ



દામનગર, તા. ૨૬

પૃથ્વી પરની વનરાજી અને વૃક્ષો દરેકના જીવનમાં શાંતિ અને સમૃદ્ધિ આપે છે, જળ વિના કોઈને ચાલતું નથી. દામનગર નગરપાલિકાના પ્રમુખ ગોબરભાઈ નારોલા, સેનેટરી ઈન્સ્પેકટર પ્રદીપભાઈ અને ટીમે ડીવાઈડરમાં રહેલ વૃક્ષોને સમયસર આજે બપોરના ધોમધખતા તાપમાં પાણીથી તરબોળ કરતા ઠંડક સાથે વૃક્ષો મરક-મરક હાસ્ય ફેલાવતા હતા અને મીઠા આશીર્વાદ આપતા હતા.

યૂગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ દ્વારા સંચાલિત

## ચલાલાની હરિબા મહિલા કોલેજ નું બી.સી.એ.નું ૧૦૦ ટકા પરિણામ

સંસ્થાના સંચાલક પૂ. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા




ચલાલા, તા. ૨૬

યૂગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજ નું બી.સી.એ. (કમ્પ્યુટર સાયન્સ) સેમેસ્ટર-૧ માં ૧૦૦% પરિણામ આવ્યું. જેમાં પ્રથમ ધાધલ નિરાલી, દ્વિતીય સોલંકી ખ્યાતી તેમજ સમગ્ર વિસ્તાર નું ગૌરવ વધાર્યુ છે. આ વિદ્યાર્થીનીઓને પૂ.શ્રી.ડો. રતિદાદાએ આશીર્વાદ પાઠવ્યા હતા. તેમજ ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા અને આચાર્ય શીતલબેન મહેતા તેમજ સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા. તેમજ વર્ષ ૨૦૨૪ માં દીકરીઓ માટે બી.એ., બી.કોમ., બી.સી.એ અને બી.પી.ઈ. એસ. માં એડમીસન કાર્ય શરુ છે તો આજે જ હરિબા મહિલા કોલેજ, ધારી રોડ,-ચલાલા મો. ૯૪૨૭૭૪૩૮૧૭, ૯૪૨૯૮ ૮૩૦૧૭, ૯૫૮૬૯ ૦૫૬૧૩ નો સંપર્ક કરવા જણાવાયું છે.

ક્ષત્રિય સમાજનાં યુવાનો રૂપાલા પ્રશ્ને નારાજ

## સાવરકુંડલાનાં મોલડી સહિતના ગામોમાં ભાજપને મત ન આપવાનો સંકલ્પ લેવાયો

કોંગ્રેસ પક્ષને મત આપવા અને અપાવવા શપથ લીધા



અમરેલી, તા. ૨૬

રાજકોટ લોકસભાનાં ભાજપી ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાનો વિરોધ સમગ્ર રાજયમાં શરૂ થયો છે. અને ભાજપને મત ન આપવા ક્ષત્રિય સમાજ શપથ લઈ રહયો છે.

દરમિયાનમાં સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારમાં આજે ભાજપનાં આગેવાનો પ્રચારમાં જતાં તેમનો પણ ઠેર-ઠેર વિરોધ શરૂ થયો છે. અને મોલડી ગામે ક્ષત્રિય સમાજનાં યુવાનોએ ભાજપને મત ન આપવા અને કોંગ્રેસને મત આપવા અને અપાવવા જાહેરમાં શપથ લીધા હતા.

અમરેલીનું સૌ પ્રથમ પ્લેહાઉસ અને ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ ( ૨૦૦૨ થી )

‘ઈસ્કૂલી લાઈવ બુક’ દ્વારા બાળકોને અભ્યાસ માટે હવે સંપુણ આઝાદી ભણશે ગમે ત્યારે, ગમે એટલીવાર

આપના મોબાઈલમા QR કોડ સ્કેન કરો

છેલ્લા ૨૦ વર્ષથી બાળકોને ભાતીગળ સંસ્કૃતિની વિરાસત સાથે આધુનિક ટેકનોલોજી દ્વારા શિક્ષણ આપી બાળકોની કારકિર્દી માટે મદદરૂપ બનતી અમરેલી શહેરની એક અને એકમાત્ર સ્કૂલ, હવે ૨૧ મી સદીના ડીજીટલ યુગમાં એક નવા જ રીસર્ચ દ્વારા અમો લાવ્યા છીએ ‘ઈસ્કૂલી’ ડીજીટલ અભ્યાસક્રમ જેના કારણે બાળકો અભ્યાસમાં પરફેકટ બની શકસે. ઓફ લાઈન સાથે હવે ડીજીટલ માધ્યમ પણ ઉપલબ્ધ ...


શરૂ થતાં નવા સત્ર માટે... પ્રવેશ શરૂ

પ્રવેશ માટે સવારે ૯:૦૦ થી ૨:૦૦ સુધીમાં રૂબરૂ સંપર્ક કરો



કોઈપણ સ્કૂલ બાળકોને એકજવાર અભ્યાસ કરાવે છે. જયારે ડીજીટલના માધ્યમ (સ્કેન એન્ડ લર્ન) તથા મોબાઈલ એપ દ્વારા બાળકોને અનેકવાર અભ્યાસ કરાવી ઓનલાઈન ટેસ્ટ અને રીવીઝન દ્વારા બાળકોને પરફેકટ બનાવતી શહેરની એકમાત્ર સ્કૂલ

CBSE પદ્ધતિ મુજબનું શિક્ષણ જેથી કોઈપણ મેગાસીટીમાં અભ્યાસ માટે સક્ષમ બની શકે




મેટ્રોપોલીટીન શહેરો જેવી સુવિધા ધરાવતી અમરેલીની એકમાત્ર સ્કૂલ

- કોમ્પ્યુટર લેબની સુવિધા
- સાયન્સ લેબ
- લેન્ગવેજ લેબ
- ઓડિયો વિડીયો એજયુકેશન
- લાગણી સભર પ્રેમાળ સ્ટાફ
- મિનરલ વોટર
- ફાયર સેફટી બિલ્ડીંગ
- કેમેરા દ્વારા સુરક્ષા
- સ્કૂલ બસ ની સુવિધા
- એજયુકેશન ટોય્સ
- ફેસ્ટિવલ સેલિબ્રેશન
- ઓનલાઈન એપ
- ઓનલાઈન ટેસ્ટ
- વૉટ્સએપ રિપોર્ટ
- પેરેન્ટ્સ મિટિંગ
- મધર્સ ટ્રેનિંગ
- પેરેન્ટ્સ સેમિનાર
- ડિજિટલ બુકસ
- રીવીઝન માટે મોબાઈલ એપ
- ઈન્ટરેક્ટિવ કલાસરૂમ
- પેરેન્ટ્સ દ્વારા ટેસ્ટ

અન્ય સ્કૂલોની વિચારધારા જયાં પુરી થાય, ત્યાંથી સનફલાવરનું શિક્ષણ શરૂ થાય છે...

PLAY HOUSE @ L.K.G. @ U.K.G. ધોરણ ૧ થી ૮ સુધી

SUNFLOWER™ Preschool

લાઠી રોડ, કાર વર્લ્ડ શો રૂમ પાછળ, અમરેલી. મો. ૯૪૨૮૭ ૦૮૮૮૦

sunflowerpreschool.in

## સત્તાધીશો સર્વાંગી વિકાસ કરવામાં નિષ્ફળ રહેતા નવો દાવ શરૂ થયો

# જ્ઞાતિ, જાતિનાં ચક્રવ્યુહમાં મતદારોને ફસાવવાનો પ્રયાસ

**બેરોજગારી, મોંઘવારી, ગરીબી, ભ્રષ્ટાચાર જેવો મુદ્દો આગળ ન આવે તે માટે અવનવી તરકીબો જોવા મળે છે**

**પાંચ વર્ષનાં શાસનમાં ૧૮૦૦ દિવસ જનતા પરેશાન રહે અને છેલ્લા ૨૫ દિવસ જ્ઞાતિ-જાતિનાં નામે ગુમરાહ કરી દેવાનો પ્રયાસ**

**ધારાસભ્ય અને સાંસદની સંપત્તિમાં પાંચ વર્ષમાં અનેકગણો વધારો થઈ જાય અને તેને વિજેતા બનાવનાર જનતાની આવકમાં વધારો થતો નથી**

**જયાં સુધી મતદારો જાગૃત નહી બને ત્યાં સુધી રાજકીય પક્ષો તેમની સમસ્યાનું નિરાકરણ નહી કરે**

અમરેલી, તા. ૨૬

દેશમાં જયારે પણ કોઈ વિધાનસભા કે લોકસભાની ચૂંટણી જાહેર થાય એટલે લગભગ તમામ રાજકીય પક્ષો મોંઘવારી, બેરોજગારી, ગરીબી, ભ્રષ્ટાચાર, શિક્ષણ, આરોગ્ય, કાયદો-વ્યવસ્થા અને માળખાકીય સુવિધાઓ બાબતે જનતાને જવાબ આપવાને બદલે રાબેતા મુજબ જ્ઞાતિ-જાતિનું રાજકારણ શરૂ કરે અને દેશવાસીઓ રાજકીય પક્ષોની માયાજાળમાં ફસાઈ જાય અને પાંચ વર્ષનાં શાસનકાળનાં ૧૮૨૫ દિવસમાં ૧૮૦૦ દિવસ પરેશાન હોય છેલ્લે ૨૫ દિવસમાં જ્ઞાતિ-જાતિની ચુંગાલમાં ફસાઈને તેને ભોગવવી પડતી પરેશાની ભૂલી જાય છે અને રાજકીય પક્ષોનો જય જયકાર થઈ જાય છે.

અમરેલી જિલ્લા સહિત દેશભરમાં આજે બેરોજગારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર, ગરીબી, શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રની કથળતી હાલત, પરિવહનની પરેશાની, પીવાનાં પાણીની સમસ્યા દિનપ્રતિદિન આગળ વધી રહી છે અને છતાં પણ રાજકીય પક્ષોનાં પ્રતિનિધિઓ વિકાસનાં ચશ્મા જનતાને પહેરાવી દે છે. મોટા-મોટા સપનાઓ બતાવવામાં આવે છે. છેલ્લા વર્ષોમાં તો વિકાસ અંગે તાત્કાલિક ને બદલે ૧૦-૨૦ વર્ષ પછી ભારત દેશ મહાન બની જશે તેવો દાવો કરવામાં આવી

અનુસંધાન પાના ૬ ઉપર

### ધારીગીર પુર્વનાં સરસિયા રેન્જનાં

## નાગધ્રા ગામે સિંહ દ્વારા થયેલ મારણને આરોગવાની ઝપાઝપીમાં બાળ સિંહ ઈજાગ્રસ્ત

**ઈજાગ્રસ્ત બાળ સિંહ રેસ્કયુ કરનાર વનકર્મી પણ ઘાયલ**



અમરેલી, તા. ૨૬

ધારી ગીર પૂર્વના સરસિયા રેન્જ નીચેના નાગધ્રા ગામે મારણ ખાવા માટે થઈ સિંહો વચ્ચે ઝપાઝપી થતાં તેમાં ઝખ્મી થતાં સિંહબાળને સારવાર માટે રેસ્કયુ કરી રહેલા વનકર્મીને સિંહબાળે હુમલો કરી ઈજા કરતાં ઘવાયેલા વનકર્મીને સારવાર માટે દવાખાને ખસેડાયેલ છે.

વનવિભાગમાં ટ્રેકર તરીકે ફરજ બજાવતા નિર્મળભાઈ વાળા સહિતના વનકર્મીઓને માહિતી મળેલ કે ધારી ગીર પૂર્વના સરસિયા રેન્જ નીચેના નાગધ્રા ગામે સિંહે મારણ કરેલ મારણ ખાવા માટે થઈ સિંહો વચ્ચે ઝપાઝપી થતાં તેમાં એક ત્યારે એક સિંહબાળ ઝખ્મી થતાં આ સિંહબાળને સારવાર માટે રેસ્કયુ કરવી ગયા હતા.

તે સમયે વનકર્મીને ઘવાયેલા સિંહબાળે ટ્રેકર ઉપર હુમલો કરી ઈજા કરતાં ઘવાયેલા વનકર્મીને સારવાર માટે પ્રથમ ધારી બાદ અમરેલી સારવાર માટે સિવીલમાં ખસેડાયેલ છે?

### એડવોકેટ જે.આર. વાળાની દલીલોનાં આધારે

## લાઠીનાં ચકચારી બનેલ પોકસો કેસમાં આરોપીનાં જામીન મંજુર કરવામાં આવ્યા

**એફઆઈઆરનાં ગ્રાઉન્ડ ઉપર જામીન મંજુર**



અમરેલી, તા. ૨૬

લાઠી પોલીસ સ્ટેશનમાં કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬, ૩૭૬(૨)(એન), ૩૭૬(૨)(જે) તથા પોકસો એકટની કલમ-૪,૬,૮,૧૮ મુજબના ગુન્હાની ફરીયાદ દાખલ થયેલ જેમાં આરોપી પ્રકાશભાઈ નવણાભાઈ બાંભણીયાની અટક કરી તા. ૧૯/૪/૨૪ ના રોજ રજુ કરતા તેઓને તા. ૨૨/૪/૨૪ ના રોજ પોલીસ કસ્ટડીનાં રીમાન્ડ આપવામાં આવેલા અને રીમાન્ડ સમય પુરો થતા તેઓને જેલ હવાલે કરવામાં આવેલ ત્યારબાદ અમરેલી ખાતે સેશન્સ કોર્ટમાં વકીલ જે.આર. વાળા દ્વારા રેગ્યુલર એફઆઈઆર ગ્રાઉન્ડ પર જામીન અરજી દાખલ કરતા દલીલો કરતા સેશન્સ કોર્ટે દ્વારા આરોપીના જામીન મંજુર કરતો હુકમ કરવામાં આવેલ છે.

### ભારતીય જનતા પાર્ટી સાથે મિલાપીપણાનાં આક્ષેપ સાથે

## સુરત લોકસભા બેઠકમાં દાવેદારી કરનાર નિલેશ કુંભાણીને પક્ષમાંથી સસ્પેન્ડ કરી દેવાયા

**પ્રદેશ કોંગ્રેસ સમિતિએ સત્તાવાર રીતે જાહેરાત કરી**



અમદાવાદ, તા. ૨૬

સુરત લોકસભા બેઠક માટે દાવેદારી કરનાર કોંગ્રેસ પક્ષના ઉમેદવાર નિલેશ કુંભાણીને કોંગ્રેસ પક્ષ માંથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરી દેવામાં આવેલ છે. પ્રદેશ કોંગ્રેસના અગ્રણી બાલુભાઈ પટેલે નિલેશ કુંભાણીને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે,

તમોને કોંગ્રેસ પક્ષે સંસદની ટિકિટ આપી હતી. સૌરાષ્ટ્રના અનેક પાટીદારો તથા અન્ય સૌરાષ્ટ્રના લોકો કે જેઓ સુરત સ્થિત થયા છે તેમના પ્રતિનિધિ તરીકે તમે અવાજ ઉઠાવો તેવી ગણતરી પક્ષની હતી.

તમારા ફોર્મને રદ્દ થવાની બાબતમાં તમારી સંપૂર્ણપણે નિષ્કાળજી અથવા ભારતીય જનતા પાર્ટી સાથે તમાઢં મેળાપીપણું હોવાની પરિસ્થિતિ સ્પષ્ટ દેખાઈ આવી હતી. આમ છતાં, કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ તમે આવીને પૂરી સ્પષ્ટતા કરી

અનુસંધાન પાના ૬ ઉપર

### અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બરનાં પ્રમુખ અને ટીમનું નિવેદન

## અમરેલી ચેમ્બરનાં ધરાર પ્રમુખ બની બેઠેલ ભગીરથ ત્રિવેદી અને તેમનાં સમર્થકોને લપડાક

**જિલ્લાની જુની ડિસ્ટ્રીકટ ચેમ્બર દ્વારા વેપારીજોગ નિવેદન અપાયું**



અમરેલી, તા. ૨૬

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સને લઈને ઘણા સમયથી વિવાદ ચાલી રહયો હતો તેવા સમયે આ પ્રકરણમાં નવો વળાંક આવેલ છે.

અમરેલી ડીસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ચતુરભાઈ અકબરી અને તેમનાં ટીમનાં હોદેદારોએ એક નિવેદનમાં જણાવેલ છે કે, ધરાર બની બેઠેલા પ્રમુખ ભગીરથ ત્રિવેદીને તથા તેમના સાથી મિત્રોને ચેરીટી કમિશ્નરની લપડાક, સંસ્થાનું નામ વટાવી ખાવાનો પ્રયત્ન કરનારને જબરજસ્ત લપડાક, સત્યનો વિજય, દુધનું દુધ અને પાણીનું પાણી થઈ ગયુ છે.

વધુમાં જણાવેલ કે અમરેલી (જીલ્લા ચેમ્બર) અમરેલી ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સના વેપારીઓના વિવિધ પ્રશ્નો અને કામ માટે વર્ષોથી કાર્યરત સંસ્થા છે. હાલમાં થોડા સમય પહેલા અમુક ઈસમો દ્વારા તાલુકા ચેમ્બરના પ્રમુખોને ગેરમાર્ગે દોરી આઠ થી દસ વ્યકિત ભેગા મળીને સંસ્થાના પ્રમુખ બની બેઠેલા ભગીરથ ત્રીવેદીએ સંસ્થા રજીસ્ટ્રેશન કરવાનો દાવો કરેલ. જેમાં ડિસ્ટ્રીકટ ચેમ્બરના વર્ષોથી પ્રમુખ તરીકે નિઃસ્વાર્થ ભાવે સેવા કરતા ચતુરભાઈ અકબરી તથા ડિસ્ટ્રીકટના હોદેદારોએ સામી લડત આપતા ચેરીટી કમિશ્નરે ચતુરભાઈને અને ચેમ્બરને માન્યતા આપી ભગીરથ ત્રિવેદીને જબરદસ્ત લપડાક મળેલ છે. અમો ૧૮ વર્ષથી સંસ્થા ચલાવીએ છીએ તેના પુરાવા રજુ કરતા અમારી ચેમ્બરને માન્યતા મળેલ છે. આપણી ચેમ્બરને પચાવી પાડી તેના પર કબજો જમાવવાનો પ્રયત્ન કરેલ છે. છતાં ચતુરભાઈ અકબરી અનેતેમની ટીમ દ્વારા યોગ્ય રજુઆત કરેલી હતી. આખરે સત્યનો વિજય થયેલ છે. જે આ સમાચાર મળતા તમામ વેપારીઓ ઉદ્યોગપતિઓ તથા રાજકીય આગેવાનોમાં પણ ખુશીનો માહોલ સર્જાયો હતો અને તમામ વેપારીઓએ શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર ઘટનાનું માર્ગદર્શન વકીલ જગતભાઈ યોગેશભાઈ કોટેચાનું માર્ગદર્શન મળેલ છે.

### પોલીસ અધિક્ષક હિંમકરસિંહની સુચનાથી કામગીરી

## અમરેલી સાયબર ક્રાઈમે ભોગ બનેલ નાગરિકોનાં રૂપિયા ૨૩ લાખ ઉપરાંત પરત અપાવ્યા

**કુલ ૯૩ અરજદારોએ ગુમાવેલ તમામ રકમ પરત મળી**

અમરેલી, તા.૨૬

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ દ્વારા અમરેલી જિલ્લામાં સાયબર ક્રાઈમ સંબંધીત નાણાકીય છેતરપીંડીમાં ગયેલ નાણાં પરત અપાવવા સુચનાઓ આપેલ હોય. જેથી, પરીણામલક્ષી કામગીરી કરી અને સાયબર ક્રાઈમ સબંધીત ગુનાહીત પ્રવૃતિ અટકાવવા, નાયબ પોલીસ અધિક્ષક, ચિરાગ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર વી.એમ. કોલાદરા તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે.એમ.પરમાર તથા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એચ.એમ. અગ્રાવત તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### સુરત ખાતે રહેતા આરોપીએ તેલના ડબ્બા મંગાવી નાણા ન ચુકવ્યા

## લાઠીનાં અકાળા ગામનાં તેલનાં વેપારી સાથે રૂપિયા ૫.૬૬ લાખની છેતરપીંડી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨૬

લાઠી તાલુકાના અકાળા ગામે રહેતા રાકેશભાઈ નાથાભાઈ ખુંટ નામનાં વેપારીને સુરત ગામે રહેતા નિશાંતભાઈ મધુભાઈ જાવીયા નામનાં આરોપીએ મોબાઈલ નં. ૯૩૧૬૯ ૪૧૨૫૯ ઉપરથી ફોન કરી સિંગતેલના ડબ્બાનો મોટા જથ્થાનો ઓર્ડર આપવાની લાલચ આપી વેપારીને વિાસમાં લઈ તેમની પાસેથી સિંગતેલના ડબા નંગ-૧૮૧ ટેક્ષ સહિત કુલ રકમ

અનુસંધાન પાના ૬ ઉપર


















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)